# (૩) સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ

વિષય :– સામાજિક વિજ્ઞાન ધોરણ :– ૮ સત્ર :– પ્રથમ સત્ર

## પાઠયપુસ્તક વિષે

- કુલ એકમો :– ૯
- પુનરાવર્તન :– ૨
- વિશેષ :– રસ્તો શોધી શાળામાં પહોંચો.
  - :– શાળા પંચાયતની ચૂંટણી
  - :– આપત્તિઓ વિષે અને વેબસાઈટ એડ્રેસ
  - :– પારિભાષિક શબ્દો
  - :– ભારતની રાજયવાર માહિતી
  - :– આપણા સ્વતંત્ર્યસેનાનીઓ વિષે જાણો




## એકમ : ૧ ભારતમાં યુરોપીય પ્રજાનું આગમન

➢ભારત આવવાનો જળમાર્ગ શોધવાનું બીડું ઝડપનાર ઈટાલીનો કોલંબસ હતો.

➢ અમેરિકા ખંડની શોધ કોલંબસે ઈ.સ. ૧૪૯૨ માં કરી હતી.

➢ ભારત આવવાનો જળમાર્ગ શોધવાની સફળતા પોર્ટુગલના વાસ્કો–દ–ગામાને મળી.

➢ ભારત આવવાનો જળમાર્ગ શોધવામાં વાસ્કો–દ–ગામાને મદદ કરનાર ખલાસી મહમદ–ઈબ્ન–મજીદ હતો.

➢ વાસ્કો–દ–ગામા હિંદ મહાસાગરમાં થઈ ૨૨ મી મે ૧૪૯૮ માં કાલિકટ બંદરે પહોચ્યો હતો.

➢ આ સમયે કાલિકટનો રાજા ઝામોરિન હતો.

➢ કાલિકટમાં પોર્ટુગીઝોએ ઈ.સ. ૧૫૦૨ માં વેપાર કરવા કોઠી સ્થાપી હતી.

➢ કાલિકટમાં કોઠીનો સેનાપતિ અલ્બુકર્ક હતો.

➢ ડચ લોકોએ ૧૬૬૩માં આગ્રામાં કોઠી સ્થાપી હતી

➢ ઈ.સ. ૧૬૦૦ માં અંગ્રેજોએ રાણી ઈલિઝાબેથના સમયમાં 'બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપની' સ્થપાઈ.

➢ ઈ.સ.૧૬૦૮ માં અંગ્રેજી વહાણ હિન્દુસ્તાનના સુરત બંદરે પહોંચ્યું.

➢ હિન્દુસ્તાનની ધરતી પર પગ મૂકનાર પ્રથમ અંગ્રેજ 'હોકિન્સ' હતો.

➢ઈ.સ. ૧૭૬૪માં મીરકાસમ અને અંગ્રેજો વચ્ચે બકસરનું યુદ્ધ થયું.

➢ ફ્રેંચોએ ઈ.સ. ૧૬૬૪માં 'ફ્રેંચ ઈસ્ટ ઈન્ડિયા' કંપની સ્થાપી હતી.

➢ ઈ.સ. ૧૭૫૭ માં સિરાજ ઉદ દૌલા અને અંગ્રેજો વચ્ચે પ્લાસીનું યુદ્ધ થયું.

## ❋ એકમ : ૨ આપણી આસપાસ શું?

➢પૃથ્વી પર કુલ ચાર આવરણો આવેલા છે: મૃદાવરણ,જલાવરણ,વાતાવરણ અને જીવાવરણ.

➢ મૃદાવરણ પૃથ્વીની સપાટીનો આશરે ૨૯ % જેટલો ભાગ રોકે છે.

➢ પૃથ્વીના પેટાળમાં રહેલા ખડકોના પીગળેલા રસને મેગ્મા(ભૂ–રસ) કહે છે.

➢જલાવરણ પૃથ્વીની સપાટીનો આશરે ૭૧% જેટલો ભાગ રોકે છે.

➢ ભેજ ઠરવાની ક્રિયા એટલે 'ઘનીભવન'.

➢ વાતાવરણ પૃથ્વીની સપાટીથી આશરે ૧૬૦૦ કિમી સુધી વિસ્તરેલું છે.

➢ વાતાવરણમાં મુખ્ય પ્રવાહી ઘટક પાણી છે.

➢ પૃથ્વી પરના પાણીના જથ્થાના ૯૭ % ભાગનું પાણી સમુદ્રોમાં છે.

➢ વાતાવરણમાં ૭૮ % નાઈટ્રોજન, ૨૧ % ઓકિસજન, અને ૧ % જેટલા અન્ય વાયુઓ છે.

➢ઓઝોન વાયુ સૂર્યના પારજાંબલી(અલ્ટ્રાવાયોલેટ) કિરણોનું શોષણ કરી ગરમી સામે આપે છે.




www.fiistudio.com

## ❋ એકમ :૩ ભારતનું બંધારણ

➢ભારત દેશના બંધારણની શરૂઆત 'આમુખ' થી થાય છે.

➢ બંધારણ સભાએ ૯ ડિસે. ૧૯૪૬ થી બંધારણનું કાર્ય શરૂ કર્યુ.

➢ ડૉ.રાજેન્દ્રપ્રસાદ બંધારણ સભાના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા.

➢બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ ડૉ.બી.આર.આંબેડકર હતા.

➢બંધારણ સભાની ૨ વર્ષ ૧૧ માસ ૧૮ દિવસમાં ૧૬૬ બેઠકો થઈ હતી.

➢૨૬ નવેમ્બર ૧૯૪૯ ના દિવસે બંધારણને સંમતિ મળી, જે ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૦ થી અમલી બન્યું.

➢ભારતના બંધારણમાં બ્રિટન, આર્યલેન્ડ, ફ્રાંસ તથા અમેરિકાના બંધારણની વિશિષ્ટતાઓનો સમાવેશ છે.

➢ભારતનું બંધારણ વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ છે.

➢ધારાસભા,કારોબારી અને ન્યાયતંત્ર કેન્દ્ર સરકારનાં અંગો છે.

➢સંસદ કાયદો ઘડવાનું , મંત્રીમંડળ આ કાયદાઓનો અમલ કરવાનું અને ન્યાયતંત્ર આ કાયદાઓનું અર્થઘટન કરવાનું અને ન્યાય આપવાનું કાર્ય કરે છે.

➢બંધારણીય ઈલાજોનો અધિકારને ડૉ.બી.આર.આંબેડકરે 'બંધારણના આત્મા' સમાન ગણાવ્યો છે.

## ❋ એકમ : ૪ વેપારી શાસકો કેવી રીતે બન્યા?

➢વેલેસ્લીએ 'સહાયકારી યોજના' અમલી બનાવી.

➢દેશી રાજયો માટે સહાયકારી યોજના મીઠા ઝેર જેવી હતી.

➢વેલેસ્લીની સહાયકારી યોજનાનો પ્રથમ શિકાર હૈદરાબાદનો નિઝામ બન્યો હતો.

➢મરાઠા રાજયો અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ કરો' ની નીતિના ભોગ બન્યા હતા.

➢ડેલહાઉસીએ 'ખાલસા નીતિ' અમલી બનાવી હતી.

➢ડેલહાઉસી ભારતનો સુધારક બન્યો હતો.

➢ડેલહાઉસીએ અંગ્રજી શિક્ષણનો ફેલાવો કર્યો .

એકમ : ૪ વેપારી શાસકો કેવી રીતે બન્યા?....

➢ભારતમાં મુંબઈથી થાણા સુધીની પ્રથમ રેલવે લાઈન ૧૮૫૩ માં શરૂ થઈ હતી.

➢ટપાલ પદ્ધતિ પણ ડેલહાઉસીના સમયમાં દાખલ થઈ હતી.

➢ડેલહાઉસીએ બાળલગ્ન પ્રતિબંધકધારો અને વિધવા પુનઃવિવાહધારો પસાર કર્યો હતો.

➢ભારતમાં ૧૮૫૭ માં પ્રથમ ત્રણ યુનિવર્સિટીઓ મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતા ખાતે શરૂ થઈ.

## ❋ એકમ : ૫ પ્રાકૃતિક પ્રકોપો

➢ભૂકંપ ક્રિયાના ઉદ્‌ભવ સ્થળેથી ભૂકંપના મોજાં પેદા થાય તેને ભૂકંપ કેન્દ્ર (Epicentre) કહે છે.

➢ભૂકંપ કેન્દ્રથી પૃથ્વીની સપાટી નજીકના સ્થળ કે કેન્દ્રને 'ભૂકંપ નિર્ગમન કેન્દ્ર' કહે છે.

➢ભૂકંપ થવાના મુખ્ય ત્રણ કારણો છેઃ (૧)જવાળામુખીજન્ય ભૂકંપ (૨)વિભંગજન્ય ભૂકંપ (૩)ભૂસંતુલનજન્ય ભૂકંપ

➢પૃથ્વીનું કેન્દ્ર બિંદુ ભૂ–સપાટીથી લગભગ ૬૩૭૮ કિમી જેટલું દૂર છે.

➢જવાળામુખી વિસ્ફોટ થવાના મુખ્ય ચાર કારણો છે.(૧)પૃથ્વીના પેટાળનું તાપમાન (૨)પ્રવાહી મેગ્માની ઉત્પત્તિ (૩)વાયુ અને વરાળનો ઉદ્‌ભવ (૪)મેગ્માનું ભૂસપાટી તરફનું વહન

➢જવાળામુખીના મુખ્ય ત્રણ પ્રકાર છેઃ (૧)સક્રિય જવાળામુખી(ઓટંના જવાળામુખી–ઈટાલી) (૨) સુષુપ્ત જવાળામુખી(ફયુજિયામાજવાળા–જાપાન) (૩)મૃત જવાળામુખી(માઉન્ટ પોપા જવાળા–મ્યાનમાર)

➢ભારતમાં અંદમાન અને નિકોબારના દ્વીપસમૂહમાં માત્ર એક જ જગ્યાએ જવાળામુખી આવેલો છે.

➢ત્સુનામીની મોટી હોનારત ૧૧ મી માર્ચ ૨૦૧૧ ના રોજ જાપાનમાં જોવા મળી હતી.

➢ચોમાસામાં ઘણીવાર ભૂસ્ખલનના કારણે રેલવે વ્યવહાર ખોરવાઈ જાય છે.

## પુનરાવર્તન – ૧



www.fiistudio.com

## ❋ એકમ : ૬ અંગ્રેજ શાસનની ભારત પર અસર

➢ઈ.સ. ૧૭૭૦ માં બંગાળમાં દારુણ દુષ્કાળ પડયો હતો.

➢કોર્નવોલિસ નામના ગર્વનર જનરલે કાયમી જમાબંધી નામની મહેસૂલ પદ્ધતિ દાખલ કરી.

➢વોરન હેસ્ટિંગ્ઝના સમયમાં મહેસૂલ ઉઘરાવવાનું કામ જેને સોંપવામાં આવ્યું હતું તેને કલેકટર કહેવામાં આવતા.

➢વિલિયમ બેન્ટિકે અંગ્રેજ કંપનીના વહીવટમાં ભારતીયોને સ્થાન આપ્યું.

➢વિલિયમ બેન્ટિકે સતી થવાનો રિવાજ અટકાવતો કાયદો ૧૮૨૯ માં અમલમાં મૂકયો.

➢વિલિયમ બેન્ટિકના સમયમાં ભારતમાં શિક્ષણસમિતિની રચના થઈ.

➢ઈ.સ.૧૮૩૪ માં મેકોલે નામના અંગ્રેજ ધારાશાસ્ત્રીને ભારતમાં અંગ્રેજી કેળવણીનો વિચાર આવ્યો.

➢ઈ.સ. ૧૮૫૪ થી ભારતમાં ટપાલ અને તાર–સંદેશાની આધુનિક પદ્ધતિ અપનાવાઈ.

## ❋ એકમ : ૭ આબોહવાકીય ફેરફાર

➢કોઈ પણ પ્રદેશના ૩૫ થી વધારે વર્ષના સરેરાશ તાપમાન, ભેજ અને વરસાદની સરેરાશ સ્થિતિ એટલે આબોહવા.

➢CFC - કલોરોફલોરા કાર્બન.

➢આજથી ૧૦૦ વર્ષ પહેલાં $CO_2$ 275 ppm હતો, જયારે આજે અંદાજે 350 ppm થયો છે.

➢PPM એટલે Parts Per Million (દસ લાખનો એક ભાગ)

➢WMO – વર્લ્ડ મિટિયોરોલોજિકલ ઓર્ગેનાઈઝેન – વિશ્વ હવામાન સંસ્થા.

➢એક ટન કાગળ બનાવવા માટે અંદાજે ૪૪૦૦ કિલોવોટ વીજળી , ૩૦,૦૦૦ લીટર પાણી અને ૧૧ વૃક્ષોના લાકડાંનો માવો વપરાય છે.

➢ઈ.સ. ૧૯૭૨ માં સ્વીડનના પાટનગર સ્ટોકહોમ ખાતે પર્યાવરણ બચાવવા બેઠક મળી હતી.



➢ત્યાર બાદ બ્રાઝિલના રી–ઓડી–જાનેરો ખાતે પૃથ્વી સંમેલન મળ્યું.

➢ગ્લોબલ વોર્મિંગ સંદર્ભે વિશ્વ સ્તરે બેઠક ડિસેમ્બર ૨૦૦૯માં ડેન્માર્કની રાજધાની કોપનહેગનમાં મળી હતી.

➢વિશ્વમાં સરેરાશ નાગરિક ૪.૫ મેટ્રિક ટન કાર્બન વાયુ છોડે છે.

➢ભારતનો નાગરિક વાર્ષિક સરેરાશ ૧.૨ મેટ્રિક ટન કાર્બન વાયુ છોડે છે.

## ❋ એકમ : ૮ લોકશાહી દેશમાં સંસદની ભૂમિકા

➢ભારતે 'સંસદીય લોકશાહી' નું સ્વરૂપ સ્વીકાર્યુ છે.

➢ભારતમાં સંસદ એ સર્વોચ્ચ સંસ્થા છે.

➢ભારતી સંસદ રાષ્ટ્રપતિ અને બે ગૃહો એટલે કે લોકસભા અને રાજયસભાની બનેલી છે.

➢રાજયસભા સંસદનું 'ઉપલું ગૃહ' કહેવાય છે.

➢લોકસભા સંસદનું 'નીચલું ગૃહ' કહેવાય છે.

➢લોકસભાની કુલ સભ્ય સંખ્યા ૫૪૫ છે.

➢લોકસભામાં ગુજરાતની કુલ ૨૬ બેઠકો છે.

➢રાજયસભાની કુલ સભ્ય સંખ્યા ૨૫૦ છે.

➢રાજયસભામાં ગુજરાતની કુલ બેઠકો ૧૧ છે.

➢રાજયસભાના સભ્યોની ચૂંટણી જુદાં જુદાં રાજયોની વિધાનસભામાં ચૂંટાયેલા સભ્યો દ્વારા થાય છે.

➢રાજયસભાની કુલ ૨૫૦ સભ્યો પૈકી ૨૩૮ ની ચૂંટણી કરવામાં આવે છે. જયારે બાકીના ૧૨ સભ્યોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.



www.fiistudio.com

➢રાજયસભા એ કાયમી ગૃહ છે.

➢રાજયસભાનું સંપૂર્ણ વિસર્જન થતું નથી. દર બે વર્ષે રાજયસભાના ત્રીજા ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે.

➢રાજયસભાનું સંચાલન કરનારને 'સભાપતિ' કહેવામાં આવે છે.

➢હોદ્દાની રૂએ ઉપ રાષ્ટ્રપતિ રાજયસભાના સભાપતિ બને છે.

➢લોકસભાનું સંચાલન કરનારને અધ્યક્ષ(સ્પીકર) કહે છે.

## ❋ એકમ : ૯ ઈ.સ. ૧૮૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામ

➢ઈ.સ. ૧૮૫૭ ના મે માસની ૩૧ તારીખે ઈસ્ટ ઈન્ડિયા કંપની સામે સંગ્રામનું આયોજન હતું.

➢એનફિલ્ડ રાઈફલમાં ગાય અને ડુકકરની ચરબીવાળા કારતૂસ વાપરવાનો મંગલ પાંડેએ વિરોધ કર્યો હતો.

➢મંગલ પાંડે સંગ્રામ માટે નિર્ધારિત સમય કરતાં વહેલો ૨૯ મી માર્ચના રોજ તૈયાર થઈ ગયો હતો.

➢મેજર હયુસને મંગલ પાંડેને પકડી લેવાનો હુકમ કર્યો હતો.

➢મંગલ પાંડેએ પકડાવા કરતા આત્મ બલિદાનનો માર્ગ પસંદ કર્યો હતો.

➢આમ છતાં અંગ્રેજ સરકારે મંગલ પાંડેને બચાવી તેના પર ૬ એપ્રિલ,૧૮૫૭ ના રોજથી સૈનિક અદાલતનું નાટક શરૂ કર્યું.

➢૮ મી એપ્રિલ ૧૮૫૭ ના રોજ સવારના સાડા પાંચ વાગે મંગલ પાંડેને ફાંસી આપવામાં આવી અને તે ઈ.સ.૧૮૫૭ના વિપ્લવના પ્રથમ શહીદ બન્યા.

➢૮૦ વર્ષના વૃદ્ધ બહાદુર શાહ ઝફરે આ સંગ્રામમાં દિલ્લીનું નેતૃત્વ સંભાળ્યું હતું.

➢કાનપુરમાં ૪ જૂન,૧૮૫૭ થી વિપ્લવ શરૂ થયો હતો, જેની આગેવાની પેશ્વા નાના સાહેબે લીધી હતી.

➢બિહાર માં પટણા,જગદીશપુર સંગ્રામના મુખ્ય કેન્દ્રો હતાં.જગદીશપુરના કુંવરસિંહે અહીં સંગ્રામની આગેવાની કરી હતી.

➢ઝાંસી રાજય તરફથી રાણી લક્ષ્મીબાઈ આ સંગ્રામમાં જોડાયા હતાં.અંગ્રેજ અધિકારીઓના મત મુજબ રાણી લક્ષ્મીબાઈ ૧૮૫૭ ના સંગ્રામના આગેવાનોમાં શ્રેષ્ઠ સ્ત્રી–નેતા હતાં.

➢કાનપુરમાં નાના સાહેબે સૈનયની આગેવાની બહાદુર અને શકિતશાળી તાત્યા ટોપેને સોંપી હતી.

➢ગુજરાતમાં આ સંગ્રામનો આરંભ અમદમવાદની ૭ મી લશ્કરી ટુકડીએ જૂન, ૧૮૫૭ માં કર્યો હતો.

➢આ સંગ્રામ દરમિયાન અંગ્રેજ સરકારને શસ્ત્રો અને સૈનિકોનો પુરવઠો ઈંગ્લેન્ડ,ઈરાન વગેરે સ્થળેથી મળ્યો હતો.

➢અંગ્રેજ સરકારે ૧૮ એપ્રિલ , ૧૮૫૯ ના રોજ તાત્યા ટોપેને ફાંસી આપી હોવાનો સરકારી અહેવાલ પ્રસિદ્ધ થયો છે.

➢પરંતુ જુદા જુદા માધ્યમો દ્વારા એવું જાણવા મળેલ કે તાત્યા ટોપે તો છટકી ગયેલ પણ અન્ય ભળતી વ્યકિતને ફાંસી આપવામાં આવેલ.

**➢તાત્યાએ જીવનના અંતિમ વર્ષો નવસારીમાં ગાળ્યાં હોવાનું મનાય છે.**

## USEFUL WEBSITES

- www.nationalgeographic.com
- www.itihas.com
- www.discovery.com
- www.nationalgraphic.com
- www.3datlas.com
- www.safari-india.com



www.fiistudio.com

# સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ

❖ સામાજિક વિજ્ઞાન : ધોરણ – ૮ (એકમ ૧ થી ૭) બીજું સત્ર કુલ એકમો : ૧૪

## એકમ : ૧ ધાર્મિક સામાજિક જાગૃતિ

❖ ઓગણીસમી સદીમાં 'નવજાગૃતિ' ની શરૂઆત કરવામાં અને ધાર્મિક સુધારણાનાં આંદોલનો શરૂ કરવામાં રાજા રામમોહનરાય પ્રથમ હતા.

❖ રાજા રામમોહનરાયનો જન્મ ઈ.સ.૧૭૭૨માં બંગાળના હુગલી જિલ્લાના રાધાનગર ગામના બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો.

❖ રાજા રામમોહનરાયે ૧૮૨૧માં બંગાળીમાં 'સંવાદ કૌમુદી' , ૧૮૨૨ માં ફારસીમાં 'મિરાત–ઉલ–અખબાર' નામના સમાચારપત્રો તથા ૧૮૯૮ માં 'બ્રહ્મોસમાજ' ની અને કોલકાતામાં હિંદુ કોલેજની સ્થાપના કરી હતી.

❖ ૧૮૨૯ માં અંગ્રેજ ગવર્નર વિલિયમ બેન્ટિકે સતી પ્રથા ઉપર પ્રતિબંધના કાયદો ઘડયો હતો.

❖ દયાનંદ સરસ્વતીનો જન્મ મોરબી પાસેના ટંકારા ગામે થયો હતો.

❖ દયાનંદ સરસ્વતીએ સંન્યાસ લઈ મથુરામાં સ્વામી વિરજાનંદ પાસે જઈ હિન્દુ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો.

❖ દયાનંદ સરસ્વતીએ 'વેદો તરફ પાછા વળો' નો બોધ આપ્યો અને 'સત્યાર્થ પ્રકાશ' નામના ગ્રંથની રચના કરી હતી.

❖ દયાનંદ સરસ્વતીએ ૧૮૭૫ માં 'આર્ય સમાજ'ની સ્થાપના કરી હતી. આર્યસમાજે ધર્માંતર પામેલા હિન્દુઓને હિન્દુ ધર્મમાં પાછા લાવવા માટે 'શુદ્ધિ ચળવળ' શરૂ કરી હતી.

❖ સ્વામી શ્રદ્ધાનંદે ૧૯૦૨ હરદ્વાર પાસે 'કાંગડી' ગુરુકુલ સ્થાપ્યું.

❖ રામકૃષ્ણ પરમહંસનો જન્મ બંગાળના હુગલી જિલ્લાના કામારપૂકુર ગામાં થયો હતો.

❖ નરેન્દ્રનાથ દત્તનો જન્મ ૧૮૬૩ માં થયો હતો.

❖ નરેન્દ્રનાથ દત્તે રામકૃષ્ણ પરમહંસને ગુરુ માની સ્વામી વિવેકાનંદ નામ ધારણ કર્ય હતું.

❖ સ્વામી વિવેકાનંદે ૧૮૯૩ માં યુનાઈટેડ સ્ટેટીના શિકાગોની અખિલ વિશ્વધર્મ પરિષદમાં હાજરી આપી હતી.

❖ સ્વામી વિવેકાનંદે ભારતીયોને 'ઊઠો,જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો' નું સૂત્ર આપ્યું.

❖ સ્વામી વિવેકાનંદે ૧૮૯૭માં બેલૂરમાં 'રામકૃષ્ણ મિશન મઠ' ની સ્થાપના કરી હતી.આ મિશને 'જન સેવા એ જ પ્રભુ સેવા' સૂત્રનો અમલ કર્યો હતો.

❖ ૧૯ મી સદીમાં ઉત્તર પ્રદેશના રાયબરેલીમાં સૈયદ અહમદ ખાન અને બંગાળના શરીઅતુલ્લાની આગેવાનીમાં મુસલમાનોમાં જાગૃતિનો આરંભ કર્યો.તેમણે ઈસ્લામ ધર્મ અને સંસ્કૃતિને મજબૂત અને શુદ્ધ કરવા 'વહાબી આંદોલન' ચલાવ્યું.

❖ સર સૈયદ અહમદખાને ઈ.સ.૧૮૭૦ માં ' તબઝિબ–ઉલ–અખલાક' નમાનું સામાયિક શરૂ કર્યુ અને ૧૮૭૫ માં અલીગઢમાં મુસ્લિમ કોલેજ સ્થાપી જે હાલ ' અલીગઢ મુસિલમ યુનિવર્સિટી'ના નામે જાણીતી છે.

❖ ગુરુદ્વારામાં પ્રવેશેલાં દૂષણો દૂર કરવા 'શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ' અને પાશ્ચાત્ય કેળવણી આપવા અમૃતસરમાં ' ખાલસા કોલેજ' ની સ્થાપના કરવામાં આવી.

❖ પારસી ધર્મમાં સમાજસુધારા માટે ૧૮૫૧ માં ' રહનુમા–ઈ–મઝદયરબન સભા' દાદાભાઈ નવરોજીની અધ્યક્ષતામાં સ્થપાઈ.

❖ આ સંસ્થા 'રાશ્ત ગોફ્તાર' નામનું મુખપત્ર બહાર પાડતી.

❖ જ્યોતિબા ફૂલેએ ૧૮૫૭ માં પૂનામાં કન્યા શાળા શરૂ કરી અને 'સત્ય શોધક સમાજ'ની સ્થાપના કરી હતી.

❖ ગાંધીજીએ સ્થાપેલા 'અખિલ હિંદ હરિજન સંઘ' ના મંત્રી ઠક્કર બાપા હતા.

❖ ઠક્કર બાપાનું મૂળ નામ અમૃતલાલ ઠક્કર હતું.

❖ ઠક્કર બાપાએ 'પંચમહાલ ભીલ સેવા મંડળ'ની સ્થાપના કરી હતી.

## ❖ એકમ : ૨ પર્યાવરણીય પ્રદૂષણ

## ❖ એકમ : ૩ ભારતમાં રાષ્ટ્રવાદ

➢ આધુનિક રાષ્ટ્રવાદનો સૌ પ્રથમ ઉદ્દભવ યુરોપમાં થયો હતો.

➢ ભારતમાં રાષ્ટ્રીય જાગૃતિના પરિબળો ૧૮૫૭ ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ બાદ વિકસ્યાં હતાં.

➢ પાશ્ચાત્ય પુરાતત્વ વિદ્ એલેકઝાંડર કનિંગહામે ભારતના અનેક પાંચીન સ્થળોએ ખોદકામ કરાવ્યા હતા.

➢ ભારતના ભગવાનલાલ ઈન્દ્રજીએ પણ અનેક અવશેષો શોધી ભારતની ભવ્યતાનો ખ્યાલ આપ્યો.

➢ હિંદી રાષ્ટ્રીય મહાસભા અગાઉના પ્રદેશિક સંગઠનો :

| | |
|---|---|
| બંગાળ બ્રિટિશ ઈન્ડિયન સોસાયટી | કોલકાતા |
| મદ્રાસ નેટિવ સભા | ચેન્નાઈ |
| ઈન્ડિયન એસોસિયેશન | કોલકાતા |
| બોમ્બે એસોસિયેશન | મુંબઈ |
| સાર્વજનિક સભા | પૂણે |

➢ એ.ઓ.હ્યુમના પ્રયત્નોથી ડિસેમ્બર ૧૮૮૫ માં હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઈ.

➢ ૨૮ ડિસેમ્બર ૧૮૮૫ ના રોજ વ્યોમેશચંદ્ર બેનરજીના પ્રમુખપદે મુંબઈની ગોકુળદાસ તેજપાલ સંસ્કૃત પાઠશાલામાં પ્રથમ અધિવેશન મળ્યું. જેમાં ૭૨ જેટલા પ્રતિનિધિઓ હતા.

:: હિંદી રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનો ::



www.fiistudio.com

| અધિવેશન | સ્થળ | પ્રમુખ | વર્ષ | સભ્ય |
|---|---|---|---|---|
| પ્રથમ | મુંબઈ | વ્યોમેશચંદ્ર બેનરજી | ૧૮૮૫ | ૭૨ |
| બીજું | કોલકાતા | દાદાભાઈ નવરોજી | ૧૮૮૬ | ૪૩૨ |
| ત્રીજું | મદ્રાસ | બદરુદ્દીન તૈયબજી | ૧૮૮૭ | ૬૦૭ |

- વાઈસરોય લોર્ડ કર્ઝને 'ભાગલા પાડો અને રાજ કરો' ની નીતિ અપનાવી ૧૯૦૫ માં બંગળનું વિભાજન કર્યું.
- બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની 'આનંદ મઠ' નવલકથામાંથી 'વંદે માતરમ' ગીત લેવાયું છે.
- બંગાળના ભાગલાનોઅમલ થયો તે દિવસ 'શોક દિન' તરીકે ઉજવાયો. રવીન્દ્રનાથ ઠાકુરના સૂચનથી તે દિવસ ' એકતા દિન ' તરીકે પણ ઉજવાયો.
- રવીન્દ્રનાથ ટાગોરે ૧૯૦૧ માં શાતિનિકેતનમાં વિશ્વભારતી વિદ્યાલય શરૂ કરી હતી.
- ૧૯૧૧ માં અંગ્રેજ સરકારને બંગાળના ભાગલા રદ કરવાની ફરજ પડી.
- રવીન્દ્રનાથ ટાગોરે શાતિનિકેતનમાં શરૂ કરેલી વિશ્વભારતી વિદ્યાલયને ૧૯૫૧ માં કેન્દ્રીય વિશ્વભારતી વિદ્યાલયનો દરજ્જો મળ્યો.
- મવાળ એટલે નરમ વલણ ધરાવનાર.
- મવાળવાદી નેતાઓ : દાદાભાઈ નવરોજી, સુરેન્દ્રનાથ બેનરજી,ગોપાલકૃષ્ણ ગોખલે..
- 'લાલ,બાલ અને પાલ' ની ત્રિપુટીથી ઓળખાતા લાલા લજપતરાય,બાળ ગંગાધર ટિળક અને બિપિનચંદ્ર પાલ ઉગ્ર વલણના હોવાથી 'જહાલવાદી' કહેવાયા.
- લોકમાન્ય ટિળકે 'સ્વરાજ મારો જન્મ સિદ્ધ હક છે અને હું તે મેળવીને જ જંપીશ' નો નારો આપ્યો.
- ટિળકે મરાઠી ભાષામાં 'કેસરી' અને અંગ્રેજીમાં 'મરાઠા' નામે વર્તમાનપત્રો શરૂ કર્યા.
- શેર–એ–પંજાબ તરીકે જાણીતા લાલા લજપતરાયે 'ધી પંજાબી' અને 'ધી પ્યુપિલ' જેવા વર્તમાનપત્રો શરૂ કર્યા.
- બિપિનચંદ્ર પાલે 'ન્યૂ ઈન્ડિયા' સાપ્તાહિક અને ' વંદેમાતરમ' વર્તમાનપત્ર શરૂ કર્યા.
- ૧૯૦૬ માં ઢાકામાં 'મુસ્લિમ લીગ' ની સ્થાપના થઈ.
- એપ્રિલ ૧૯૧૦ માં બાળ ગંગાધર ટિળકે પૂનામાં 'ઈન્ડિયન હોમરૂલ લીગ' ની સ્થાપના કરી.
- એની બેસન્ટે મદ્રાસમાં સપ્ટેમ્બર૧૯૧૬ માં 'હોમરૂલ લીગ(જવાબદાર રાજતંત્ર) ની સ્થાપના કરી.
- એની બેસન્ટને ડિસેમ્બર ૧૯૧૭ માં કોલકાતા મુકામે ભરાયેલા કોંગ્રેસના અધિવેશનમાં સૌપ્રથમ મહિલા પ્રમુખ બનાવાયા.
- કોંગ્રેસ અને મુસ્લિમ લીગના નેતાઓએ ૧૯૧૬ માં લખનૌ મુકામે કરેલી સમજૂતી કરી કરેલ કરાર 'લખનૌ કરાર' તરીકે જાણીતો થયો.
- સુભાષચંદ્ર બોઝનો જન્મ ૨૩ જાન્યુઆરી ૧૮૯૭ માં ઓડિસાના કટક મુકામે થયો હતો.તેમની માતાનું નામ પ્રભાવતી અને પિતાનું નામ જાનકીનાથ બોઝ હતું.
- સુભાષચંદ્ર બોઝે ૧૯૩૯ માં 'ફોરવર્ડ બ્લોક' નામના નવા રાજકીય પક્ષની રચના કરી.
- કેપ્ટન મોહનસિંગે જાપાનની શરણે ગયેલા ભારતીય સૈનિકોમાંથી 'આઝાદ હિંદ ફોજ'ની રચના કરી.
- રાસ બિહારી બોઝે ૪ જુલાઈ ૧૯૪૩ ના રોજ સર્વાનુમતે ' આઝાદ હિંદ ફોજ' ના સર્વોચ્ચ નેતા તરીકે સુભાષચંદ્ર બોઝની વરણી કરી.
- ૧૮ ઓગષ્ટ ૧૯૪૫ ના રોજ ફોર્માસાના તાઈપેઈ વિમાની મથકથી ઉપડેલા વિમાનમાં આગ લાગતાં નેતાજી અવસાન પામ્યા હતા એવું મનાય છે.
- નેતાજીએ 'ચલો દિલ્લી' નું સૂત્ર આપ્યું અને ભારતને 'જય હિંદ' નો મંત્ર આપ્યો.

## એકમ : ૪ સર્વોચ્ચ અદાલત

- ભારતમાં ૨૮ મી જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ સર્વોચ્ચ અદાલતનો પ્રારંભ થયો.
- ૧૯૮૦ ના દશકમાં સર્વોચ્ચ અદાલતે 'જાહેર હિતની અરજી' ની વ્યવસ્થાનો સ્વીકાર કર્યો.

## એકમ : ૫ ભારતના ક્રાંતિવીરો

- વાસુદેવ બળવંત ફળકે ભારતમાં ક્રાન્તિકારી પ્રવૃત્તિની સૌ પ્રથમ શરૂઆત કરી હતી. તેમનું મૃત્યુ ફેબ્રુઆરી ૧૮૮૩ માં એડન જેલમાં થયું હતું.
- વીર સાવરકરનો જન્મ ૨૮ મે ૧૮૮૩ ના રોજ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ભગૂર ગામે થયો હતો.
- વીર સાવરકરે 'મિત્ર મેલા' નામની સંસ્થા સ્થાપી હતી જે પાછળથી 'અભિનવ ભારત' નામથી ઓળખાઈ. તેમને સૌ પ્રથમ ભારતમાં વિદેશી કાપડની હોળી કરી હતી. ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬ માં તેમનું મૃત્યુ થયું હતું.
- ખુદીરામ બોઝનો જન્મ બંગાળના મેદિનીપુર જિલ્લાના મોહબનીમાં ૦૩–૧૨–૧૮૮૯ માં થયો હતો.સત્યેનબાબુ નામના શિક્ષકે તેમને ક્રાન્તિપથની દિક્ષા આપી હતી.તેમને ૩૦ એપ્રિલ ૧૯૦૮ ના રોજ ન્યાયાધીશ કિંગ્સફોર્ડને ખતમ કરવા માટે બોમ્બ ફેકયો હતો.
- રામ પ્રસાદ બિસ્મિલનો જન્મ ઈ.સ.૧૮૯૭ માં ઉત્તર પ્રદેશના શાહપુરમાં થયો હતો.
- ચંદ્રશેખર આઝાદનું મૂળ નામ ચંદ્રશેખર સીતારામ તિવારી હતું. તેમનો જન્મ ૨૩ જુલાઈ ૧૯૦૬ માં મધ્ય પ્રદેશના ઝાબુઆ ના ભાવરા ગામમાં થયો હતો.



www.fiistudio.com

- ૧૯૩૧ ની ૨૭ ફેબ્રુઆરીએ અલહાબાદના આલ્ફ્રેડ બાગમાં બેઠા હતા ત્યારે અંગ્રજો સામેના ગોળીબારમાં બહાદુરી પૂર્વક લડતા લડતા તેમનું મૃત્યુ થયુ હતું.
- ભગતસિંહનો જન્મ પંજાબના લાયલપુર જિલ્લાના બંગા ગામમાં ૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭ ના રોજ થયો હતો. ૨૩ માર્ચ ૧૯૩૧ ના રોજ અંગ્રેજ અફસર સોન્ડર્સના ખૂન કેસમાં તેમને ફાંસી આપવામાં આવી હતી.
- શ્યામજીકૃષ્ણ વર્માનો જન્મ ૪ ઓકટોબર ૧૮૫૭ ના રોજ કચ્છના માંડવીમાં થયો હતો. તેમને ૧૯૦૫ માં ૧૮ મી ફેબ્રુઆરીએ 'ઈન્ડિયન હોમરૂલ સોસાયટી' ની સ્થાપના કરી હતી , જેનું કાર્યાલય 'ઈન્ડિયા હાઉસ' નામના મકાનમાં શરૂ કરવામાં આવ્યું હતું.
- શ્યામજીકૃષ્ણ વર્માએ સંસ્થાના પ્રચાર માટે 'ઈન્ડિયન સોસિઓલોજિસ્ટ' સામાયિક શરૂ કર્યું હતું.
- મૅડમ ભીખાયજી રૂસ્તમ કામા નો જન્મ ૨૪–૦૯–૧૮૬૧ ના રોજ મુંબઈમાં થયો હતો.
- તેમણે ૧૯૦૭ માં જર્મનીના સ્ટુઅર્ટ ગાર્ડ શહેરમાં યોજાયેલી બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં હાજરી આપી અને ત્યાં 'વંદે માતરમ' મંત્ર અકિત કરેલ ભારતનો ત્રિરંગી ધ્વજ સૌ પ્રથમ વાર ફરકાવ્યો હતો.

## એકમ : ૬ માનવ સંશાધન

- સને 2011 માં થયેલી વસતિ ગણતરી ભારતમાં આઝાદી મળ્યા પછી સાતમી વખતની હતી.
- ભારત દેશનો કુલ ભૂમિ વિસ્તાર 32,87,263 ચો કિમી છે.જે દુનિયાના કુલ વિસ્તાર પૈકી 2.42% જેટલો છે. ભારત વિસ્તારની દ્રષ્ટિએ વિશ્વમાં સાતમા ક્રમે છે.
- સને 2001 માં ભારતની વસતિ 102.87 કરોડ હતી , જે સને 2011 માં 121.01 કરોડ જેટલી થઈ.
- સને 2011 માં વસતિ વૃદ્ધિ દર 1.7% જેટલો નીચો ગયો હતો.
- 1920 માં સરેરાશ વયઆયુ 40/41 વર્ષ હતી જે હાલ સરેરાશ 63/64 વર્ષ જેટલી છે.
- સને 2011 માં વસતિ ગણતરી મુજબ ભારતની કુલ વસતિ 1,210,193,422 છે.
- ભારતમાં સૌથી વધુ વસતિ ધરાવતા પાંચ રાજ્યો : ઉત્તર પ્રદેશ,મહારાષ્ટ્ર,બિહાર,પશ્ચિમ બંગાળ અને આંધ્ર પ્રદેશ છે.
- ગુજરાતમાં સૌથી વધુ વસતિ ધરાવતા પાંચ જિલ્લાઓ : અમદાવાદ,સુરત,વડોદરા,રાજકોટ અને બનાસકાંઠા છે.
- ગુજરાતમાં સૌથી વધુ વસતિ ગીચતા 1376 ચો કિમી પ્રમાણે સુરત જિલ્લામાં છે.
- લક્ષદ્વીપ ટાપુઓ,દમણ અને દીવ,દાદરા અને નગર હવેલી,અંદમાન નિકોબાર ટાપુ,સિક્કિમ સૌથી ઓછી ધરાવતાં પાંચ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો છે.
- ગુજરાતમાં 62% ગ્રામ્ય અને 38% વસતિ શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે.
- સને 2011 માં થયેલી વસતિ ગણતરી મુજબ ભારતમાં દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ 940 છે. ગુજરાતમાં આ પ્રમાણ 918 છે. સૌથી વધુ પ્રમાણ કેરલમાં 1084 છે.
- ભારતમાં કુલ સાક્ષરતા દરઃ–

| ક્રમ | દેશ/રાજ્ય | કુલ સાક્ષરતા | પુરુષોનો સાક્ષરતા દર | સ્ત્રીઓનો સાક્ષરતા દર |
|---|---|---|---|---|
| | ભારત | 74.04 | 82.14 | 65.46 |
| | રાજ્ય | | | |
| 1 | કેરળ | 93.91 | 96.02 | 91.98 |
| 2 | ગુજરાત | 79.31 | 87.23 | 70.73 |

- ગુજરાતમાં સાક્ષરતાની દ્રષ્ટિએ પ્રથમ પાંચ જિલ્લાઓ :–

| જિલ્લા | કુલ | પુરુષ | મહિલા |
|---|---|---|---|
| અમદાવાદ | 86.65% | 92.44% | 80.29% |
| સુરત | 86.65% | 91.05% | 81.02% |
| આણંદ | 85.79% | 93.23% | 77.76% |
| ગાંધીનગર | 85.73% | 93.59% | 77.37% |
| ખેડા | 84.31% | 93.40% | 76.67% |

- ભારતમાં બંધારણ મુજબ હાલમાં 22 માન્ય ભાષાઓ છે.

## એકમ : ૭ મહાત્માના માર્ગ પર ૧

- :: ગાંધીજી વિશે આટલું જાણો ::
- પુરું નામ :– મોહનદાસ કરમચંદ ગાંધી
- જન્મદિન :– ૨ ઓકટોબર ૧૮૬૯
- જન્મ સ્થળ :– પોરબંદર (કીર્તિમંદિર)
- માતા : – પૂતળીબાઈ
- પત્ની :– કસ્તૂરબા
- આધ્યાત્મિક ગુરુ :– શ્રીમદ રાજચંદ્ર
- રાજકીય ગુરુ :– ગોપાલકૃષ્ણ ગોખલે
- આત્મકથા :– સત્યના પ્રયોગો
- પ્રિય નાટક :– રાજા હરિશચંદ્ર
- નિર્વાણ દિન :– ૩૦–૦૧–૧૯૪૮
- સમાધી :– રાજઘાટ(દિલ્લી)
- ગાંધીજીએ ૨૫ મી મે ૧૯૧૫ ના રોજ અમદાવાદના કોચરબમાં 'સત્યાગ્રહ' આશ્રમની સ્થાપના કરી.
- નાઈટહૂડ :– બ્રિટીશ રાજા કે રાણી દ્વારા કોઈ વયકિતને અસાધારણ વ્યકિતગત સફળતા કે લોકસેવા માટે અપાતો એવોર્ડ.
- મહાત્મા ગાંધીજીએ 'કૈસરે હિંદ'ની ઉપાધિ ત્યાગીને ૧૯૨૦–૨૧માં અસહકાનું આંદોલન કર્યું હતું.



www.fiistudio.com

# ૩. સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ

ધોરણ :– ૮ બીજું સત્ર

એકમ :– ૮ થી ૧૪

## એકમ : ૮ ભારતની સમસ્યાઓ અને ઉપાય.

- ગુજરાતમાં હાલ ગરીબી રેખા નીચે જીવતા લોકોનું પ્રમાણ ૧૪.૭% જેટલું છે.
- B.P.L. Below Poverty Level (ગરીબી રેખા નીચે જીવતા લોકો)
- કેન્દ્રીય લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની સ્થાપના ઈ.સ.૧૯૬૪ માં કરવામાં આવી હતી.
- ૧૮ વર્ષથી વધુ ઉંમરના રોજગાર વિનાના લોકોને બેકાર ગણવામાં આવે છે.

## એકમ : ૯ આપણી અર્થવ્યવસ્થા

- BHEL : ભારતીય હેવી ઈલેકિટ્રક લિમિટેડ
- ONGC : ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશન
- TISCO : ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની લિમિટેડ
- WTO : વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન 'વિશ્વ વ્યાપાર સંગઠન' ની સ્થાપના ૧૯૯૫ માં કરવામાં આવી હતી.
- ભારત સરકારે 1991 માં ઉદાર નીતિ અપનાવી હતી.

## એકમ : ૧૦ મહાત્માના માર્ગે પર ૨

- ગાંધીજીએ મીઠાનો અન્યાયી કાયદો તોડવા માટે અમદમવમદના સાબરમતી આશ્રમથી ૭૮ અનુયાયીઓ સાથે ૧૨ માર્ચ ૧૯૩૦ ના સવારે દાંડીકૂચની શરૂઆત કરી.
- ગાંધીજી ૫ એપ્રિલ ૧૯૩૦ ના રોજ દાંડી પહોંચ્યા હતા.
- 'ધરાસણા સત્યાગ્રહ'ની આગેવાની સરોજીની નાયડુએ લીધી હતી.
- ૧૯૩૧ માં લંડનમાં મળેલી બીજી ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ હાજરી આપી હતી.
- ૧૯૩૫ માં હિંદ સરકારનો કાયદો આવ્યો.
- ૧૯૪૦ માં લાહોરમાં મળેલ મુસ્લિમ લીગના અધિવેશનમાં અલગ પાકિસ્તાનનો ઠરાવ પસાર કરવામાં આવ્યો.
- ગાંધીજીએ ૧૯૪૦ માં વ્યકિતગત સત્યાગ્રહી તરીકે વિનોબા ભાવેની પસંદગી કરી હતી.
- ૧૯૪૨ માં ક્રિપ્સ મિશન આવ્યું.
- ૧૯૪૨ ના હિંદ છોડો આંદોલનમાં ગાંધીજીએ 'કરેંગે યા મરેંગે' નો સિદ્ધાંત આપ્યો.
- ૮ મી ઓગષ્ટ ૧૯૪૨ ની રાત્રે 'હિંદ છોડો' નામનો ઐતિહાસિક ઠરાવ પસાર કરવામાં આવ્યો.
- ૧૯૪૬ માં કેબિનેટ મિશન યોજના.
- મુસ્લિમ લીગે ૧૬ ઓગષ્ટ ૧૯૪૬ ના દિવસને 'સીધાં પગલાં દિન' તરીકે ઉજવ્યો.
- બ્રિટીશ વડાપ્રધાન એટલીએ ૨૦ ફેબ્રુઆરી ૧૯૪૭ ના રોજ જૂન ૧૯૪૮ સુધી હિંદ રાજયને સ્વતંત્ર કરવાની જાહેરાત કરી હતી.

## એકમ : ૧૧ સંયુકત રાષ્ટ્રો(યુ.એન.)

- સૌ પ્રથમ USA ના રાષ્ટ્રપ્રમુખ વુડો વિલ્સને વિશ્વ સંસ્થા રચવાનો વિચાર રજૂ કર્યો હતો.
- રાષ્ટ્રસંઘની સ્થાપના પ્રથમ વિશ્વ યુદ્ધ પછી વિશ્વમાં શાતિ અને સલામતી જાળવવા એપ્રિલ ૧૯૨૦ માં કરવામાં આવી.
- ઈ.સ. ૧૯૩૯ માં દ્વિતિય વિશ્વ યુદ્ધ ફાટી નિકળ્યું હતું.
- વિશ્વ યુદ્ધ દરમિયાન USA ના રાષ્ટ્રપ્રમુખ એફ.ડી.રૂઝવેલ્ટે વિશ્વ સંસ્થા રચવાની યોજના તૈયાર કરી.
- ૨૪ ઓકટોબર ૧૯૪૫ ના રોજ UNO- United Nations Organization ની સ્થાપના થઈ.
- UNO ની સ્થાપના સમયે ૫૧ રાષ્ટ્રો તેનાં સભ્યો હતાં.
- ૨૦૧૧ મુજબ UN ની સભ્ય સંખ્યા ૧૯૩ છે.
- સંયુકત રાષ્ટ્રનાં છ અંગો નીચે મુજબ છે :
  1. સામાન્ય સભા
  2. સલામતી સમિતિ
  3. આર્થિક અને સામાજિક સમિતિ
  4. વાલીપણા સમિતિ
  5. ન્યાયની આંતરરાષ્ટ્રીય અદાલત
  6. સચિવાલય
- સંયુકત રાષ્ટ્રોની સામાન્ય સભાને 'વિશ્વની પાર્લામેન્ટ' કહી શકાય.
- ભારતનાં શ્રીમતિ વિજયાલક્ષ્મી પંડિત ઈ.સ.૧૯૫૩–૫૪ માં સંયુકત રાષ્ટ્રોની સામાન્ય સભાના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.
- યુ.એન.ના મહામંત્રીની મુદત પાંચ વર્ષની હોય છે. ઈ.સઈ ૨૦૦૭ તી દક્ષિણ કોરિયાના બાન–કી–મૂન યુ.એન. ના મહામંત્રી તરીકે ફરજ બજાવી રહયા છે.(સા.વિ. ધો–૮)
- આફ્રિકામાં આવેલ દક્ષિણ સુદાન યુ.એન.નો ૧૯૩ મો સભ્ય દેશ હતો.



www.fiistudio.com

- યુ.એન.ની સત્તાવાર ભાષાઓમાં અરેબિક,ચાઈનિઝ,અંગ્રેજી,ફ્રેન્ચ,રશિયન અને સ્પેનિશ ભાષાઓનો સમાવેશ થાય છે.
- ૧૦ ડિસેમ્બર ૧૯૪૮ ના રોજ સંયુકત રાષ્ટ્રોની સામાન્ય સભાએ માનવ અધિકારોનું વૈશ્વિક જાહેરનામું મંજૂર કર્યુ હતું.
- સલામતી સમિતિ UNO નું સૌથી મહત્વનું અંગ છે.તેના કુલ ૧૫ સભ્યો છે.જેમાં ૫ કાયમી અને ૧૦ બિનકાયમી છે.
- યુ.એસ.એ.,ફ્રાન્સ,ગ્રેટબ્રિટન,રશિયા અને ચીન આ પાંચ રાષ્ટ્રો સલામતી સમિતિના કાયમી સભ્યો છે.
- યુ.એન.ની વિશેષ સંસ્થાઓ :

| સંસ્થા | ટૂંકું નામ | વડું મથક |
|---|---|---|
| વિશ્વ આરોગ્ય સંસ્થા | WHO વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન | જિનિવા |
| યુનેસ્કો | UNESCO યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ,સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન | પેરિસ |
| આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન | ILO યુનાઈટેડ નેશન્સ લેબર ઓર્ગેનાઈઝેશન | જિનિવા |
| યુનિસેફ | UNICEF યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન ઈમરજન્સી ફંડ | ન્યૂયોર્ક |
| ખોરાક અને કૃષિ સંગઠન | FAO ફૂડ એન્ડ એગ્રિકલચર ઓર્ગેનાઈઝેશન | રોમ |
| વિશ્વબેન્ક | IBRD ઈન્ટરનેશનલ બેન્ક ઓફ રી કન્સ્ટ્રકશન એન્ડ ડેવલપમેન્ટ | વોશિંગ્ટન ડી સી |

- પંડિત જવાહરલાલ નેહરૂએ જૂન ૧૯૫૪ માં વિશ્વ સમક્ષ પંચશીલ નો વિચાર વિશ્વ સમક્ષ રજૂ કર્યો.

## એકમ : ૧૨ આઝાદી અને ત્યાર પછી

- 14 મી ઓગષ્ટ ૧૯૪૭ ના રોજ ભારતમાંથી પાકિસ્તાન અલગ પડયું.
- માર્ચ ૧૯૪૦ માં લાહોર મુકામે મળેલ મુસ્લિમ લીગ અધિવેશનમાં અલગ રાષ્ટ્ર પાકિસ્તાનની માંગ કરાઈ.
- વાઈસરૉય માઉન્ટ બેટન માર્ચ ૧૯૪૭ માં ભારત આવ્યા હતા. તેમને ભારતના ભાગલાની યોજના તૈયાર કરી. આ યોજનાના અમલ માટે બ્રિટિશ પાર્લામેન્ટે 'હિંદ સ્વાતંત્ર્ય ધારો:૧૯૪૭' પસાર કર્યો.
- સ્વતંત્ર ભારતના પ્રથમ ગર્વનર તરીકે લાર્ડ માઉન્ટ બેટનની નિમણૂંક કરાઈ.
- સ્વતંત્ર પાકિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ તરીકે મહંમદ અલી ઝીણાની નિમણૂંક કરાઈ.
- ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ ના રોજ ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકે પંડિત જવાહરલાલ નહેરૂએ દિલ્લીના લાલ કિલ્લા પર પ્રથમ વાર ત્રિરંગો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.
- ભારતને આઝાદી મળી તે સમયે દેશમાં લગભગ ૫૬૨ જેટલાં દેશી રજવાડાં હતાં.
- દેશી આજ્યોના વિલિનીકરણની જવાબદારી ચારતના નાયબ વડાપ્રધાન અને ગૃહ પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ અને તેમના સચિવશ્રી વી.પી.મેનનને સોંપાઈ હતી.
- ભાવનગરના મહારાજ કૃષ્ણકુમારસિંહજીએ ભારત સંઘમાં જોડાવાની પહેલ કરી હતી.
- રતુભાઈ અદાણી અને અન્ય લોકોએ મળી 'આરઝી હકૂમત' ની સ્થાપના કરી હતી.
- ઈ.સઈ૧૯૪૮ માં પાકિસ્તાને કશ્મીર પર આક્રમણ કર્યુ. એ સમયે કશ્મીરના રાજા હરિસિંહે તાત્કાલિક જોડાણખત પર સહી કરી જમ્મુ કશ્મીરને ભારતસંઘ સાથે જોડી દીધું.
- ગાંધીજીની હત્યા ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ ના રોજ નાથુરામ ગોડસેએ કરી હતી.
- સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડવા માટે ઈ.સ.૧૯૪૬ માં બંધારણ સભાની રચના કરવામાં આવી. ડાં.બાબા સાહેબ આંબેડકર આ પણી બંધારણ મુસદ્દા સમિતિ ના અધયક્ષ હતા.
- ડાં.રાજેન્દ્ર પ્રસાદ ભારતની બંધારણ સભાના પ્રમુખ હતા.
- બંધારણ ઘડવાની પ્રક્રિયા ડિસેમ્બર ૧૯૪૯ સુધી ચાલી. આ માટે ૧૧ જેટલાં સત્રો યોજાયાં,જેમાં ૧૬૬ દિવસ બેઠકો થઈ.
- ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ થી ભારતના બંધારણનો અમલ કરવામાં આવ્યો.
- ચક્રવર્તી રાજગોપાલાચારી સ્વતંત્ર ભારતના છેલ્લા ભારતીય ગર્વનર જનરલ હતા.
  - ડાં.રાજેન્દ્ર પ્રસાદ સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ હતા.

## એકમ : ૧૩ સ્વતંત્ર ભારત

- આઝાદી પછી ભારતના બંધારણે દેશના શાસન માટે સંઘીય શાસનવ્યવસ્થા સ્વીકારી.
- ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ બંધારણનો અમલ શરૂ થયો ત્યારે ભારતમાં અ,બ,ક,અને ડ એમ ચાર વર્ગોનાં રાજ્યો હતાં.
- ૧ ઓકટોબર ૧૯૫૩ ના રોજ મદ્રાસ રાજ્યમાંથી તેલુગુ ભાષી પ્રદેશનું અલગ રાજ્ય આંધ્ર પ્રદેશની રચના કરાઈ.
- કેન્દ્ર સરકારે ભારતની સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશ ફઝલઅલીના અધ્યક્ષપદે 'રાજ્ય પુનઃરચનાપંચ' ની રચના કરી. ૧ નવેમ્બર ૧૯૫૬ થી


www.fiistudio.com

રાજ્યોની પુનરરચના કરતા કાયદાનો અમલ કરવામાં આવ્યો.

- રાજ્યોની પુનર્રચના પછી ૧૪ રાજ્યો અને ૬ કેન્દ્રશાસિત પ્રદેશો અસ્તિત્વમાં આવ્યા.
- ગુજરાતમાં ઈન્દુલાલ યાજ્ઞિક ની આગેવાની હેઠળ મહાગુજરાત માટે ચળવળ કરનાર બધા રાજકીય પક્ષોએ સપ્ટેમ્બર ૧૯૫૬ માં મહાગુજરાત જનતા પરિષદ ની રચના કરી.
- આ ચળવળથી ઈન્દુલાલ યાજ્ઞિક 'જનતાના ચાચા' બન્યા.
- સંસદે ૧૯૬૦ ના મુંબઈના દ્વિભાષી રાજ્યનું વિભાજન કરી મહારાષ્ટ્ર અને ગુજરાત રાજની રચના કરી.
- ગુજરાત રાજ્યનું ઉદઘાટન પૂજ્ય રવિશંકર મહારાજના હસ્તે ૧ મે ૧૯૬૦ ના રોજ થયું.
- ગુજરાતના પ્રથમ રાજ્યપાલ તરીકે મહેંદી નવાઝ જંગ તથા મુખ્યમંત્રી તરીકે ડૉ.જીવરાજ મહેતાએ કાર્યભાર સંભાળ્યો હતો.
- ઈ.સ.૨૦૧૦ માં ગુજરાત રાજ્યની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં આ વર્ષને 'સ્વર્ણિમ ગુજરાત' તરીકે ઉજવવામાં આવ્યું.
- ઈ.સ.૧૯૪૮ માં પાંડિચેરીના લોકોએ ફ્રેંચોને 'હિંદ છોડો'નું એલાન કર્યુ.
- ભારત સરકારે ગોવાને મુકત કરવા 'ઓપરેશન વિજય' શરૂ કરવાનો નિર્ણય કર્યો.
- ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૪૮,૧૯૬૫ અને ૧૯૭૧ એમ ત્રણ વાર યુદ્ધો થયાં.આ ત્રણેયમાં પાકિસ્તાનનો પરાજય થયો હતો.
- ભારત અને પાકિસ્તાન વચ્ચે તાશકંદ અને શિમલા કરાર થયા છે પણ પાકિસ્તાન એ કરારોનું પાલન કરતું નથી.
- ગોવા,દમણ અને દીવ માટે ૧૭,૧૮ ડિસેમ્બર ૧૯૬૧ ની મધ્ય રાત્રીએ જનરલ ચૌધરીના નેતૃતવ હેઠળ લશકરી અભિયાન શરૂ થયું.
- ૧૨–૦૮–૧૯૮૭ થી ગોવાને રાજ્યનો દરજ્જો મળ્યો.

**એકમ : ૧૪ ખંડ પરિચયઃઆફ્રિકા અને એશિયા**

- ૧૮ મી સદીના અંત સુધી આફ્રિકા ખંડ 'અંધારિયા ખંડ ' તરીકે ઓળખાતો હતો.
- બાર્થોલોમ્યુ ડાયઝે ઈ.સ.૧૪૯૩ માં 'કેપ ઓફ ગુડ હોપ' ની ભૂશિર શોધી હતી.
- ભારત તરફ આવવાનો માગ વાસ્કો–દ–ગામાએ ૧૪૯૮ માં શોધ્યો હતો.
- આફ્રિકા ખંડનો મોટો ભાગ પૂર્વ ગોળાર્ધમાં આવેલો છે.
- આફ્રિકા ખંડનો કુલ જમીન વિસ્તાર વિશ્વના ૨૦% જેટલો છે. તે વિશ્વનો બીજા નંબરનો મોટો ખંડ છે.
- આફ્રિકા ખંડની વાયવ્યમાં એટલાસ પર્વતની હારમાળા છે.તેમાં ઊંચો પર્વત એટલાસ છે. જેની ઊંચાઈ ૩,૯૬૫ મીટર છે.
- પૂર્વ આફ્રિકાની ગિરિમાળામાં ઊંચો પર્વત કિલિમાન્ઝારો છે.જેની ઊંચાઈ ૫,૮૯૫ મીટર છે.
- આફ્રિકા ખંડના ઉત્તર ભાગમાં સહરાનું વિશાળ રણ આવેલું છે.જે ૯૦,૬૫,૦૦૦ ચોકિમી જેટલો વિસ્તાર ધરાવે છે.
- આફ્રિકા ખંડના દરિયાકિનારાની લંબાઈ ૩૦,૦૦૦ કિમી જેટલી છે.
- નાઈલ નદી દુનિયાની સૌથી લાંબી નદી છે.તેની લંબાઈ ૬,૪૩૬ કિમી છે.
- આફ્રિકા ખંડમાં મુખ્યત્વે વિષુવવૃત્તીય જંગલો છે.
- આફ્રિકા ખંડના વિષુવવૃત્તીય ભાગોમાં ત્સે–ત્સે માખીનો ઉપદ્રવ છે જે કરડતાં હાથીપગાનો રોગ થાય છે.
- ઝાંઝીબારને 'લવીંગનો ટાપુ' પણ કહે છે.
- નાઈલ નદીના કિનારે ઈજિપ્ત(મિસર) ની મહાન સંસ્કૃતિ વિકાસ પામી હતી.
- ઈજિપ્તની રાજધાની કેરો છે.
- સુએઝ નહેરે એશિયા અને યુરોપને ખૂબ જ નજીક લાવી દીધા છે.
- એશિયા ખંડનું સ્થાન : ૦૧° – ૧૬' થી ૭૭° –૪૩' .ઉ.અ અને ૨૬° –૦૪' પૂ.રે.,૧૬૯° –૪૦' પ.રે. વચ્ચે આવેલું છે.
- એશિયા ખંડનો કુલ વિસ્તાર ૪,૩૮,૧૦,૦૦૦ ચોકિમી છે.
- માઉન્ટ એવરેસ્ટ વિશ્વનું સૌથી ઊંચું શિખર છે.જેની ઊંચાઈ ૮૮૪૮ મીટર છે.
- તિબ્બતના ઉચ્ચપ્રદેશને દુનિયાનું છાપરું કહે છે.
- ભારતના મોસિનરમ અને ચેરાપુંજીમાં દુનિયાનો સૌથી વધુ વરસાદ પડે છે.
- એશિયામાં સૌથી વધુ ગરમી પાકિસ્તાનના જેકોબાબાદ શહેરમાં પડે છે.
- સાઈબીરિયાનું વર્ખોયાન્સ્ક શહેર દુનિયાનું સૌથી વધારે ઠંડું શહેર છે.
- યાંગત્સે નદી દુનિયાની સૌથી લાંબી નદી છે.
- કાસ્પિયન સરોવર દુનિયાનું સૌથી મોટું સરોવર છે.
- બાઈકલ સરોવર દુનિયાનું સૌથી ઊંડું સરોવર છે.
- ઈઝરાયલઅને જોર્ડનની વચ્ચે આવેલો મૃત સમુદ્ર દુનિયાનું સૌથી ખારું સરોવર છે.



www.fiistudio.com

# (૪) સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ

વિષય :– સામાજિક વિજ્ઞાન          ધોરણ :– ૭          સત્ર :– પ્રથમ સત્ર

## પાઠયપુસ્તક વિષે

- કુલ એકમો :– ૯
- પુનરાવર્તન :– ૨

✡ વિશેષ :– મારી વાત, પ્રોજેકટ વિષે,સાપ સીડી

### એકમ ૧ :– બે મહા રાજયો

:: કનોજ ::

➢ હર્ષવર્ધનના પિતાનું નામ પ્રભાકરવર્ધન, મોટાભાઈનું નામ રાજયવર્ધન અને બહેનનું નામ રાજયશ્રી હતું.

➢ મોટા ભાઈ રાજયવર્ધન થાણેશ્વરની રાજગાદી સંભાળતા હતા.

➢ હર્ષવર્ધનની બહેન રાજયશ્રીને માળવાના રાજા દેવગુપ્તે કેદ કરી હતી.

➢ સુસંસ્કૃત સાહિત્યકાર અને મહાકવિ બાણભટ્ટથી હર્ષના દરબારની શોભા વધતી.

➢ બાણભટ્ટની કૃતિઓ 'હર્ષચરિત' અને 'કાદંબરી'.

➢ હર્ષવર્ધનની કૃતિઓ 'નાગાનંદ' 'રત્નાવલી'અને ' પ્રિયદર્શિકા'એમ ત્રણ નાટકોની રચના.

➢ હર્ષે નાલંદા વિદ્યાપીઠ આચાર્ય શીલભદ્રની મદદથી પ્રખ્યાત કરી.

➢ નાગાર્જુન નાલંદા વિદ્યાપીઠમાં જ થઈ ગયા હતા.

➢ નાલંદા વિદ્યાપીઠના પુસ્તકાલયનું નામ 'ધર્મગંજ' હતું.

➢ હયુ–એન–ત્સાંગ(629-645) ચીની મુસાફરે બૌદ્ધ ધર્મના અભ્યાસ માટે 5 વર્ષ માટે નાલંદા વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો હતો.

➢ હર્ષવર્ધનના રાજયમાં ૧૦૦ બૌદ્ધ મઠો હતા.

➢ હયુ–એન–ત્સાંગ ઈ.સ.645 માં મધ્ય એશિયાના માર્ગે ચીન પરત ફર્યો હતો.

:: વાતાપી ::

➢ રાજા મંગલેશે વાતાપીમાં નમૂનેદાર વિષ્ણુમંદિર બંધાવ્યું હતું.

➢ પુલકેશી બીજાએ સમ્રાટ હર્ષવર્ધનને હરાવ્યો હતો.

➢ અજંતાની ગુફાઓના કેટલાંક જગમશહૂર ભીંતચિત્રો એ વખતે બન્યાં હતાં.

### એકમ ૨ :– પૃથ્વી ફરે છે

➢ પૃથ્વીની બે પ્રકારની ગતિ છેઃ દૈનિક ગતિ અને વાર્ષિક ગતિ.

➢ પરિભ્રમણ એટલે ધરી ભ્રમણ અને પરિક્રમણ એટલે કક્ષા ભ્રમણ.

➢ પૃથ્વી પોતાની કાલ્પનિક ધરી પરવિષુવવૃત્ત પર કલાકના 1670 કિમિની ઝડપે ફરી એક ચક્ર પૂર્ણ કરે છે.

➢ પૃથ્વીની કક્ષા વર્તુળાકાર નહિ , પરંતુ લંબગોળાકાર કે ઈંડાકાર છે.

➢ પૃથ્વી એક મિનિટમાં 1670 કિમિની ઝડપે સૂર્યની પરિક્રમા કરી રહી છે.

➢ પૃથ્વી પોતાની ધરી પર $23.50^0$ નો અને કક્ષાની સાથે $66.50^0$ નો ખૂણો બનાવીને ફરે છે.

➢ ૨૧ જૂન લાંબામાં લાંબો દિવસ અને ૨૨ ડિસેમ્બર ટૂંકામાં ટૂંકો દિવસ.

➢ યુરોપના નોર્વેમાં મે મહિનના મધ્યથી જુલાઈના અંત સુધી સૂર્ય આથમતો નથી.

➢ નોર્વેમાં રાત્રીના ૧૨ વાગે પણ સૂર્ય જોવા મળે છે.

### એકમ ૩ :– સરકાર

➢ સરકારના મુખ્ય ત્રણ અંગો છે : ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર.

➢ રાષ્ટ્ર કક્ષાની સરકારને 'કેન્દ્ર સરકાર' કે 'સંઘ સરકાર' કહે છે.

➢ રાજય કક્ષાની સરકારને 'રાજય સરકાર ' કહે છે.

➢ ધારાસભાનું નીચલું ગૃહ એટલે 'વિધાનસભા' અને ઉપલું ગૃહ એટલે 'વિધાનપરિષદ'.

➢ ગુજરાતની ધારાસભા માત્ર નીચલું ગૃહ એટલે 'વિધાનસભા' ધરાવે છે.

➢ ખરડો કાયદો બને તે પહેલાં તેનું ત્રણ વખત વાંચન થાય છે..

➢ બંધારણની જોગવાઈ મુજબ ભારતના કોઈ પણ રાજયની વિધાનસભાના સભ્યની સંખ્યા ૫૦૦ થી વધારે નહિ અને ૬૦ થી ઓછી ન હોવી જોઈએ.

➢ રાજયપાલ રાજયના પ્રથમ નાગરિક છે.


www.fiistudio.com

## એકમ ૪ :– રાજપૂત યુગ

- ઉત્તર ભારતમાં ગુર્જર,પ્રતિહાર,પાલ,ચાલુકય,પરમાર વંશના શાસકો થયા.
- દક્ષિણ ભારતમાં પલ્લવ, રાષ્ટ્રકૂટ, કલ્યાણીના ચાલુકયો,ચેર,પાંડય અને ચોલ વંશના શાસકો થયા.
- આઠમીથી બારમી સદી સુધીના મધ્ય કાળને પૂર્વ મધ્યકાળ કહે છે.
- મિહિર ભોજ–ભોજ રાજા પ્રતિહાર વંશમાં થયા.
- ભોજ રાજા કનોજના રાજા હતા.
- માળવાના મુખ્ય શહેરોમાં ઉજ્જૈન અને ધારાનગરી હતાં.
- ધારાનગરી એટલે વર્તમાન મધ્ય પ્રદેશ રાજયનો ધાર જિલ્લો.
- બારમી સદીના અજયરાજ શાકંભરીએ અજયમેરુ નગરની સ્થાપના કરી હતી જે પાછળથી અજમેર નામે ઓળખાયું.
- ચૌહાણ વંશમાં પૃથ્વીરાજ ત્રીજો અને રાયપિથોરા નામના પ્રતાપી રાજા થયા.
- ચંદબરદાઈ કવિએ 'પૃથ્વીરાજ રાસો' માં પૃથ્વીરાજ ચૌહાણની વીર કથા આલેખી છે.
- બપ્પા રાવળ સિસોદિયા રાજપૂત વંશના સ્થાપક મનાય છે.
- કલચૂરિયોની રાજધાની ત્રિપૂટી(વર્તમાન તેવર)માં હતી.
- પલ્લવ વંશના શાસકોમાં નરસિંહ વર્મા શકિતશાળી શાસક હતો.
- કાંચીના કૈલાસનાથ મંદિરની રચના પલ્લવ વંશમાં થઈ હતી.
- ચોલ વંશની રાજધાની તાંજોર હતી.
- ચોલ વંશના શાસકો પાસે શકિતશાળી નૌકાદળ હતું.
- કશ્મીરમાં ઉત્પલવંશના શાસકો રાજય કરતા હતા.
- દક્ષિણમાં પાંડય વંશના શાસકો હતા.
- મેગસ્થેનિસે પાંડય વંશના શાસકો વિશે લખ્યું છે કે, આ જાતિનું શાસન સ્ત્રીઓ કરતી હતી.
- ચેરનું બીજું નામ કેરલ છે.
- અશોકના શીલાલેખમાં 'કેપ્લપુત્ર' રાજયનો ઉલ્લેખ જોવા મળે છે.
- પાંડય વંશના શાસકોમાં 'સેતુંગવન' નામે શકિતશાળી શાસક થયો હતો.

## એકમ ૫ :– સ્થળ અને સમય

- પૃથ્વી પર આડી કલ્પિત રેખાઓને અક્ષાંશવૃત્તો અને ઊભી રેખાઓને રેખાંશવૃત્તો કહે છે.
- GPS – Global Positioning System (ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ)
- ઈંગ્લેન્ડમાં ગ્રિનિચ પરથી પસાર થતા $0^0$ રેખાંશવૃત્તને 'ગ્રિનિચ રેખા' કહે છે.
- ગ્રિનિચ રેખા પૃથ્વીના પૂર્વ ગોળાર્ધ અને પશ્ચિમ ગોળાર્ધ એમ બે ભાગ કરે છે.
- $180^0$ રેખાંશવૃત્તને 'આંતર રાષ્ટ્રીય દિનાંતર રેખા' કહે છે.
- $180^0$ રેખાંશવૃત્તને ઓળંગતા તારીખ અને વાર બદલાય છે.
- 'આંતર રાષ્ટ્રીય દિનાંતર રેખા' પેસેફિક મહાસાગરમાંથી પસાર થાય છે તથા તે વાંકી ચૂકી છે.
- પૃથ્વીનું સૌથી મોટું ઘડિયાળ સૂર્ય છે.
- રેખાંશવૃત્તોની કુલ સંખ્યા 360 છે.
- એક કલાકમાં 15 રેખાંશવૃત્તો સૂર્ય સામેથી પસાર થાય છે.
- દર રેખાંશને પસાર થતાં 4 મિનિટનો સમય લાગે છે.
- પાસપાસેના બે રેખાંશ વચ્ચે 4 મિનિટના સમયનો તફાવત હોય છે.
- આપણા દેશનો પ્રમાણસમય અલ્હાબાદ પાસેથી પસાર થતા $82.5^0$ પૂર્વ રેખાંશ પરથી નકકી થાય છે.
- બે અક્ષાંશવૃત્તો વચ્ચે વાસ્તવિક જમીન સપાટી ઉપર આશરે 111 કિમીનું અંતર હોય છે.
- બે રેખાંશવૃત્તો વચ્ચેનું અંતર ફકત વિષુવવૃત્ત ઉપર આશરે111 હોય છે.

## એકમ ૬ :– મધ્યયુગીન શાસનવ્યવસ્થા અને સ્થાપત્ય

- રાજપુત કાળમાં રાજાનું પદ વંશપરંપરાગત રીતે પ્રાપ્ત થતું.
- કશ્મીરના યશસ્કરને બ્રાહ્મણોની મંડળીએ ગાદીએ બેસાડયો.
- કુમારપાળને મંત્રીસભાના સભ્યોએ ગાદી પર બેસાડયો.
- મહાકવિ માઘે 'શિશુપાલવધ' મહાકાવ્ય રચ્યું.
- શ્રી હર્ષે નળ અને દમયંતીની કથા 'નૈષધચરિત' મહાકાવ્યમાં કરી.
- રાજા કુમારપાળ વિશે હેમચંદ્રાચાર્યે 'કુમારપાળ ચરિત્ર' માં લખ્યું.
- 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' વ્યાકરણ ગ્રંથની હાથી ઉપર સવારી કાઢવામાં આવી હતી.
- ભવભૂતિએ 'ઉત્તમરામચરિત' નાટક લખ્યું હતું.
- નારાયણ પંડિતે પંચતંત્રને આધારે 'હિતોપદેશ' વાર્તાસંગ્રહ રચ્યો હતો.
- રાજપૂત યુગમાં ખજૂરાહો,જગન્નાથપુરી,કોણાર્કનું સૂર્યમંદિર,કશ્મીરનું 'માર્તડ મંદિર' અને ગુજરાતના મોઢેરામાં સૂર્ય મંદિર બાંધવામાં આવ્યાં હતાં.



www.fiistudio.com

| કવિ/ સાહિત્યકાર | કૃતિ |
|---|---|
| વિશાખાદત્ત | મુદ્રારાક્ષસ |
| કલ્હણ | રાજતરંગિણી |
| બિલ્હણ | વિક્રમાંકદેવ ચરિત્ર |
| સોમદેવ | કથાસરિતસાગર |
| ચંદબરદાઈ | પૃથ્વીરાજ રાસો |
| મેરુતુંગ | પ્રબોધચિંતામણિ |

- દક્ષિણ ભારતના મંદિરો 'ગોપુરમ' તરીકે ઓળખાતાં.જે તેનાં ઊંચાં ભવ્ય પ્રવેશદ્વારો માટે ખાસ જાણીતાં છે.
- ઈ.સ. 1000 થી 1075 દરમિયાન મહંમદ ગઝનીએ અનેકવાર ભારત પર ચડાઈઓ કરી હતી.
- મહંમદ ગઝની ગઝના પ્રાંતનો સુલતાન હતો.
- સોમનાથ પરની ચડાઈ વખતે ગુજરાતમાં ભીમદેવ સોલંકીનું શાસન હતું.
- શાહબુદ્દીન ઘોરીએ દિલ્લી પર સલ્તનત સ્થાપી હતી.
- કુતબુદ્દીન ઐબક 'ગુલામ વંશ'ના સ્થાપક તરીકે ઓળખાયો.

## એકમ ૭ :– ભારતઃ સ્થાન,સીમા,વિસ્તાર અને ભૂપૃષ્ઠ

- ભારત $8.4^{0}$ ઉત્તર અક્ષાંશથી $37.6^{0}$ ઉત્તર અક્ષાંશ સુધી અને $68.7^{0}$ પૂર્વ રેખાંશથી $97.25^{0}$ પૂર્વ રેખાંશ સુધી વિસ્તરેલ છે.
- ભારતની ઉત્તરે કશ્મીરથી દક્ષિણે કન્યાકુમારી સુધીની ઉત્તર–દક્ષિણ લંબાઈ આશરે 3214 કિમી છે.
- પૂર્વે અરૂણાચલથી પશ્ચિમે દ્વારકા સુધી પૂર્વ–પશ્ચિમ પહોળાઈ આશરે 2933 કિમી છે.
- ભારતમાં કુલ ૨૯ રાજયો, ૧ કેપિટલ સ્ટેટ દિલ્લી અને ૬ કેન્દ્રશાસિત પ્રદેશો આવેલા છે.
- ભારતનું માઉન્ટ ગોડવિન ઓસ્ટિન($K_2$) શિખર ૮૬૧૧ મીટર ઊંચું છે. જે કારાકોરમની પર્વતમાળામાં આવેલું છે.
- દુનિયાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ ૮૮૪૮ મીટર ઊંચું છે.
- દખ્ખણનો ઉચ્ચ પ્રદેશ ભારતનો ખનીજ ભંડાર કહેવાય છે.
- ભારતને ૭૫૧૭ કિમી લાંબો દરિયાકિનારો છે.
- અંદમાન–નિકોબાર ટાપુઓનું વહીવટી મથક પોર્ટબ્લેર છે.
- ધરતીએ જાણે સફેદ ચાદર ઓઢી હોય તેવું વિશ્વમાં માત્ર કચ્છનું રણ જ છે.

## એકમ ૮ :– મધ્યયુગનું દિલ્લી દર્શન

- દિલ્લી સલ્તનતની સ્થાપના ઈ.સ. ૧૨૦૬ માં થઈ હતી.
- કુતુબમિનારનું બાંધકામ કુત્બુદ્દીન ઐબકે શરૂ કરાવ્યું અને તેના જમાઈ ઈલ્તુત્મિશે તે બાંધકામ પુરું કરાવ્યું.
- ઈલ્તુત્મિશ ગુલામ વંશનો ખરો સ્થાપક મનાય છે.
- ઈલ્તુત્મિશના અવસાન બાદ દિલ્લીની ગાદી પર તેની પુત્રી રઝિયા(ઈ.સ.૧૨૩૬) માં આવી.
- દિલ્લીની ગાદી પર આવનાર પ્રથમ મહિલા સુલતાના રઝિયા બની.
- રુદ્રમ્મા દેવી અભિલેખોમાં પોતાનું નામ પુરુષો જેવું લખાવતી.
- કશ્મીરની પ્રજા તેમની રાણી દિદ્દાને 'દીદી' ના સ્નેહભર્યા સંબોધનથી બોલાવતી .
- જલાલુદ્દીન ખલજીએ ગુલામ વંશ ઉખેડી નાખીને ખલજી વંશની સ્થાપના કરી હતી.
- અમીર ખુશરુ અલાઉદ્દીન ખલજીના દરબારના પ્રખ્યાત કવિ હતા.
- ગ્યાસુદ્દીન તુઘલકે તુઘલક વંશ સ્થાપ્યો.
- ગ્યાસુદ્દીન તુઘલકે 'ડાક ચોકી' ટપાલ પદ્ધતિ દાખલ કરી.
- ટપાલીને એ સમયે 'હલકારો' કહેવાતો હતો.
- જાદવકુળના ભાઈઓ હરિહર અને બુકકાએ વિદ્યારણ્ય સ્વામીની પ્રરણાથી ઈ.સ. ૧૩૩૬ માં તુંગભદ્રા નદીને કિનારે વિજયનગર રાજય સ્થાપ્યું.
- 'યોમ્કે' નામના ઈજનેરની મદદથી કૃષ્ણદેવરાયે દક્ષિણ ભારતમાં નહેરોના બાંધકામ કરાવ્યાં હતાં.
- હસન સુલતાને બહમ વંશની સ્થાપના કરી હતી.
- બહમની રાજયમાં મહંમદ ગાવાં નામે બાહોશ વજીર થયો.
- લાહોરના હાકેમે દિલ્લી પર સૈયદ વંશ સ્થાપ્યો.
- બહલોલ નામના અફઘાન સરદારે ઈ.સ.૧૪૫૧ માં દિલ્લીમાં લોદી વંશ સ્થાપ્યો.
- ઈ.સ.૧૫૨૬માં પાણીપતની લડાઈમાં ઈબ્રાહિમ લોદીને હરાવીને બાબરે મુઘલ સામ્રાજયનો પાયો નાખ્યો.

## એકમ ૯ :– રાજયની શાસન વ્યવસ્થા

- કેન્દ્ર અને રાજયોને સોપાયેલા કાર્યો અને સત્તાઓનું વિભાજન ત્રણ યાદીમાં કરાયેલ છે.
- સંઘયાદી :– ૯૭ જેટલા વિષયો
- રાજયયાદી :– ૬૬ જેટલા વિષયો
- સંયુકતયાદી :– ૪૭ જેટલા વિષયો



www.fiistudio.com

# સામાજીક વિજ્ઞાન ધો ૭ વિષયવસ્તુ

## એકમ: ૧ મધ્યયુગીન ભારત

- મધ્યકાળમાં ઈ.સ.૭૪૬ થી ૧૩૦૪ એટલે કે આશરે ૫૬૦ વર્ષ સુધી ગુજરાતમાં ચાવડા વંશ,સોલંકી વંશ અને વાઘેલા વંશના શાસકોનું શાસન હતું.
- હાલના પાટણની પશ્ચિમે આવેલું અનાવાડા ગામ જે, "અણહીલવાડ" નું અપભ્રંશ થયેલું નામ છે.
- ધર્મારણ નામના ગ્રંથમાં જણાવ્યા અનુસાર પાટણની સ્થાપના વિક્રમ સંવત ૮૦૨(ઈ.સ.૭૪૬) માં થઇ હતી.
- પંચાસરની જગ્યાએ વનરાજ ચાવડાએ સરસ્વતી નદીના કિનારે નવું નગર અણહિલવાળ પાટણ વસાવ્યું.
- ચાવડા વંશના શાસકોએ લગભગ ૧૯૬ વર્ષ સુધી ગુજરાતમાં રાજસત્તા સાંભળી હતી.
- સિદ્ધરાજ જયસિંહના સમયમાં કલીકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય થઇ ગયા.
- સિદ્ધરાજ જયસિંહના આમંત્રણથી હેમચંદ્રાચાર્યજીએ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' નામનો વ્યાકરણ ગ્રંથ રચ્યો હતો.જેની હાથીની અંબાડી પર શોભાયાત્રા કાઢવામાં આવી હતી.
- કુમારપાળના શાસન વખતે ગુજરાતની સમૃદ્ધિ ટોચ પર હતી.
- રાણી ઉદયમતીએ પ્રજાના કલ્યાણ હેતુ વાવ બંધાવી હતી. આ વાવ રાણીની વાવ તરીકે ઓળખાય છે.
- સિદ્ધરાજ જયસિંહના માતા રાજમાતા મીનળદેવીએ રાજ્યમાંથી યાત્રાવેરો બંધ કરાવ્યો હતો.
- મીનળદેવીના કહેવાથી ધોળકામાં માલવ તળાવ અને વિરમગામમાં મુનસર તળાવ બાંધવામાં આવ્યા હતા.
- સિદ્ધરાજ જયસિંહના સમયમાં પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ બાંધવામાં આવ્યું હતું.
- રાજા અજયપાળના અવસાન પછી તેમનો કારભાર તેમના રાણી નાઈકાદેવી સાંભળતા હતા.
- નાઈકાદેવીએ શાહબુદ્દીન ઘોરીની સેનાને યુદ્ધમાં હાર આપી હતી.
- સોલંકીવંશ પછી વાઘેલાવંશના શાસકોએ ગુજરાત પર શાસન ચલાવ્યું હતું.
- અહમદશાહે ઈ.સ.૧૪૧૧ માં અમદાવાદ શહેર વસાવ્યું હતું.
- સત્તરમી સદીની શરૂઆતમાં ગુજરાતમાં મુઘલ શાસનની શરૂઆત થઇ હતી.
- સોલંકી રાજતંત્રમાં વહીવટી વિભાગોમાં સૌથી મોટો ભાગ 'મંડલ' કહેવાતો.
- કીર્તિતોરણોમાં વડનગરનું કીર્તિતોરણ પ્રસિદ્ધ છે.

## એકમ:૨ ભારત:આબોહવા અને કુદરતી સંસાધનો

- હવામાનની લાંબા સમયની સ્થિતિને આબોહવા કહે છે.
- ભારતનું ભૌગોલિક સ્થાન ઉત્તર ગોળાર્ધમાં ૮.૪° થી ૩૭.૬° ઉત્તર અક્ષાંશ વચ્ચે છે.
- ભારતની મધ્યમાંથી કર્કવૃત્ત પસાર થાય છે.
- ગંગા નદીને 'ભગીરથી' પણ કહે છે.
- બિહારમાં કોસી નદીમાં ભયંકર પુર આવે છે.
- નર્મદા યોજના ગુજરાતની સૌથી મોટી બહુહેતુક યોજના છે.
- ગંગાના મુખત્રિકોણ પ્રદેશમાં બનેલું જંગલ 'સુંદરવન' તરીકે જાણીતું છે.
- સુંદરી વૃક્ષના લાકડામાંથી હોળી કે સ્ટીમર બને છે.
- ખેરના લાકડામાંથી કાથો બને છે.
- ચીડના રસમાંથી ટર્પેન્ટાઇન બને છે.
- રોયલ બેંગાલ ટાઈગર એ વિશ્વભરની વાઘની આઠ જાતિમાંથી એક છે જે ભારતમાં જોવા મળે છે.

## એકમ:૩ અદાલતો

- અદાલતોમાં સૌથી નીચલી અદાલત તાલુકા અદાલત છે.તેને ટ્રાયલ કોર્ટ કહે છે.
- ગુજરાતની હાઈકોર્ટ અમદાવાદમાં આવેલી છે.તેની સ્થાપના ૧૯૬૦ માં થઇ હતી.
- 'આસ્ટીન' નામની ન્યાયની દેવી ન્યાયતંત્રનું પ્રતિક છે.
- દેશની સૌથી ટોચની અદાલત સર્વોચ્ચ અદાલત છે.તેને સુપ્રીમ કોર્ટ કહે છે.
- વડી અદાલતને નજીરી અદાલત અથવા Court Of Records પણ કહે છે.


www.fiistudio.com

## એકમ : ૪ મુઘલ સામ્રાજય : સ્થાપના અને વિસ્તરણ

- મુઘલ બાદશાહ બાબરે ઇ.સ.૧૫૨૬ માં દિલ્લી પર આક્રમણ કર્યું હતું.
- પાણીપતના મેદાનમાં બાબરે ઈબ્રાહીમ લોદીને હરાવી દિલ્લીમાં મુઘલ વંશની સ્થાપના કરી.
- બાબરે ઈ.સ.૧૫૨૭ માં ચિત્તોડના વીર યોદ્ધા સાંગાને હરાવ્યો હતો.
- ઇ.સ.૧૫૩૦ માં બાબરના અવસાન બાદ તેનો પુત્ર હુમાયુ દિલ્લીની ગાદી પર આવ્યો.
- શેરશાહે હુમાયુને બે વાર હરાવ્યો હતો.
- અમરકોટનાં રાણાને ત્યાં અકબરનો જન્મ થયો હતો.
- શેરશાહને ઇતિહાસમાં સુધારક શાસકના રૂપમાં યાદ કરવામાં આવે છે.
- માત્ર ૧૩ વર્ષની ઉંમરે અકબરે પિતા હુમાયુનું છત્ર ગુમાવ્યું હતું.
- અકબર કિશોર હોવાથી સરદાર બહેરામખાને તેના રક્ષક અને ઉછેરની જવાબદારી નિભાવી હતી.
- અકબરના મૃત્યુ પછી તેનો પુત્ર શાહઝાદો સલીમ 'જહાંગીર' નામ ધારણ કરી દિલ્લીની ગાદીએ બેઠયો હતો.
- અકબરે રાજ્યમાં યાત્રાવેરો બંધ કરાવ્યો હતો.
- અકબર દર શુક્રવારે ફતેહપુર સિક્રીનાં ઈબાદતખાનામાં બધા ધર્મના વિદ્વાન પ્રતિનિધિઓની ધર્મ સભા યોજતો.
- અકબરના દરબારના નવ રત્નો:
    - ટોડરમલ : જમીન મહેસૂલનો નિષ્ણાત દિવાન
    - રાજા માનસિંહ : દક્ષસેના અધ્યક્ષ
    - અબુલ ફઝલ : 'આઈન-એ-અકબરી' અને 'અકબરનામા' નો કર્તા.
    - તાનસેન: સુપ્રસિદ્ધ ગાયક
    - મુલ્લા દોપ્યા : કુશાગ્ર બુદ્ધિવાળો અને વિનોદી
    - બિરબલ(મહેશદાસ) : વિનોદી તુક્કાનો જનક અને હાજરજવાબી
    - હમામ : પ્રસિદ્ધ હકીમ
    - ફૈજી : સિદ્ધહસ્ત કવિ
    - અબ્દુલ રહીમ: હિંદી પદોના રચયિતા
- શેરશાહે જકાતનાકા કાઢી નાખ્યા હતા અને ટંકશાળાઓ ઉભી કરી સરખા વજનના સિક્કા પડાવ્યા હતા.
- અકબર અને મહારાણા પ્રતાપ વચ્ચે થયેલ હલ્દીઘાટીના યુદ્ધમાં અકબરનો વિજય થયો હતો.
- હલ્દીઘાટીના યુદ્ધે મહારાણા પ્રતાપ અને તેમના ઘોડા ચેતકને અમરનામના આપી છે.
- મહારાણા પ્રતાપે ભામાશાની મદદથી ફરીથી સૈન્ય ઊભું કરી મુઘલો સામે લડ્યા અને ચિત્તોડ સિવાયના બધા જ કિલ્લાઓ તેમને જીતી લીધા.
- મુઘલ સમયના રાજતંત્રની વ્યવસ્થા સુબાગીરી પર આધારિત હતી.
- અકબરના રાજ્યનો દરેક વિભાગ સુબા અથવા પ્રાંતના નામથી ઓળખાતો.
- શેરશાહે ટોડરમલની મદદથી નવી મહેસુલ પદ્ધતિ અમલમાં મૂકી હતી.

## એકમ : ૫ ભારત:ખેતી,ઉદ્યોગ અને પરિવહન

- ભારત કૃષિપ્રધાન દેશ છે.દેશના ૭૦% લોકો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે.
- માત્ર વરસાદી પાણી દ્વારા થતી ખેતીને 'સામાન્ય' અથવા 'આકાશી' ખેતી કહે છે.
- ભારતમાં બાજરીનું સૌથી વધુ ઉત્પાદન રાજસ્થાનમાં થાય છે.
- ભારતમાં મગફળીનું સૌથી વધુ ઉત્પાદન ગુજરાતમાં થાય છે.
- દુનિયામાં શેરડીનું સૌથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે.
- ભારતમાં કપાસનું સૌથી વધુ ઉત્પાદન ગુજરાતમાં થાય છે.
- ભારતમાં શણનું સૌથી વધુ વાવેતર અને ઉત્પાદન પશ્ચિમ બંગાળમાં થાય છે.
- ગુજરાતનો ભાલ પ્રદેશ તેના 'ભાલીયા ઘઉં' માટે જાણીતો છે.
- ભારતમાં ચાનું સૌથી વધુ ઉત્પાદન આસામમાં થાય છે.
- ચાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે છે.
- ભારતમાં ઘઉંના ઉત્પાદનમાં પંજાબ મોખરાનું સ્થાન ધરાવે છે.આથી તેને 'ઘઉંનો ભંડાર' કહે છે.
- ભારતમાં કોફી,કર્ણાટક,તમિલનાડુ અને કેરલમાં થાય છે.
- ઇન્દિરા નહેરની લંબાઈ 9425કિમી છે.જે દુનિયાની સૌથી મોટી નહેર યોજના છે.
- ઇ.સ.1818 માં ફ્રોર્ટ ગ્લોસ્ટ(કોલકાતા) માં પહેલી સુતરાઉ કાપડની મિલની શરૂઆત થઇ હતી.


www.fiistudio.com

- મૂડીરોકાણ, શ્રમિકોની સંખ્યા અને ઉત્પાદન પ્રમાણના આધારે ઉદ્યોગોના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે: (૧)કુટીર ઉદ્યોગ(૨)લઘુ ઉદ્યોગ(૩) ભારે ઉદ્યોગ
- મધ્યપ્રદેશના નેપાનાગરમાં વર્તમાનપત્રમાં વપરાતો કાગળ બને છે.
- હોશંગાબાદ અને દેવાસમાં ચલણી નોટોનો કાગળ બને છે.
- ભારતમાં 'પોલાદ ઉદ્યોગના પિતા' તરીકે જમશેદજી ટાટાનું નામ પ્રખ્યાત છે.
- ભારતમાં સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.7 છે.તે વારાણસીથી કન્યાકુમારી સુધી પહોચે છે.
- સૌથી ટુંકો ધોરીમાર્ગ નં.35 છે. જે કોલકાતાથી બાંગ્લાદેશની સરહદે આવેલ ઓનગાઉ સુધી પહોચે છે.
- રાજ્ય ધોરીમાર્ગમાં કિલોમીટર દર્શાવતા માઈલસ્ટોનનો રંગ લીલો હોય છે.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં કિલોમીટર દર્શાવતા માઈલસ્ટોનનો રંગ પીળો હોય છે.

**એકમ : ૬ મુઘલ સામ્રાજય સુવર્ણયુગ અને અસ્ત**

- મુઘલ શાસકોમાં અકબર સૌથી વધારે પ્રભાવશાળી શાસક હતો.
- શાહજહાંના સમયમાં વિશેષ પ્રમાણમાં બાંધકામો થયા હતા.
- અકબરના અવસાન બાદ ઈ.સ.૧૬૦૫ માં સલીમ,જહાંગીર(દુનિયાનો જીતનાર) નામ ધારણ કરી દિલ્લીની ગાદીએ આવ્યો.
- જહાંગીરે શીખગુરૂ અર્જુનસિંહે ખુશરૂને મદદ કરી તેના આરોપસર તેમનો વધ કર્યો.
- જહાંગીરના સમયમાં ઈંગ્લેન્ડના રાજાના પ્રતિનિધિ તરીકે હોકિન્સ અને ટોમસરો ભારત આવ્યા હતા.
- જહાંગીરની પત્ની નુરજહાં રાજ્યનો મોટા ભાગનો વહીવટ સંભાળતી.
- શાહજહાંએ જૂની દિલ્લી પાસે શાહજહાંબાદ નામે નવું શહેર વસાવ્યું હતું.
- ઔરંગઝેબને કલા, સંગીત, ચિત્ર પ્રત્યે અણગમો હતો.
- ઔરંગઝેબની યાદશક્તિ ગઝબની હતી.
- શાહજહાંએ વિશ્વવિખ્યાત તાજમહાલ, લાલ કિલ્લામાં દીવાનેઆમ અને દીવાને ખાસ, રંગ મહલ, મોતી મસ્જીદ, દિલ્લીની જુમ્મા મસ્જીદ વગેરે જેવા પ્રસિદ્ધ સ્થાપત્યો બંધાવ્યા હતા.
- વીર દુર્ગાદાસે મારવાડને સ્વતંત્ર કરવા ઔરંગઝેબ સામે સતત પચ્ચીસ વર્ષ સુધી સંઘર્ષ કર્યો હતો.
- જહાંગીરના સમયમાં દશેરાનો તહેવાર ભપકાથી ઉજવવામાં આવતો હતો.
- અબુલ ફઝલના પુસ્તકમાંથી મુઘલ સમયની આર્થિક સ્થિતિ જાણી શકાય છે.
- તે સમયે મણ 55.5 રતલ બરાબર હતો.
- શાહજહાંને 'મહેલોના બાંધનાર' તરીકે ઓળખવામાં આવે છે. સાથે તે ચિત્રો ભેગા કરવાનો શોખીન હતો.
- આ સમયે ટેવર્નીયર અને બર્નીયર નામના ફ્રેંચ મુસાફરો ભારત આવ્યા હતા.
- બર્નીયર ભારતમાં ૧૨ વર્ષ સુધી રહ્યો હતો અને તેને નોધ્યું છે કે મુઘલ શાસકો લશ્કર પાછળ ખુબ ખર્ચ કરતા હતા.
- મુઘલ શાસનનો સુવર્ણયુગ એટલે શાહજહાંનો શાસનકાળ
- શિવાજીનો જન્મ ઈ.સ.૧૬૩૦ માં શિવનેરી કિલ્લામાં થયો હતો.
- શિવાજીના પિતાનું નામ શાહજી અને માતાનું નામ જીજાબાઈ હતું.
- ગુરુ દાદાજી કોન્ડદેવની નજર તળે શિવાજીનો ઉછેર થયો હતો.
- ઈ.સ.૧૬૭૪ માં રાયગઢમાં શિવાજીનો રાજ્યાભિષેક થયો હતો.

ધોરણ-૭ સામાજિક વિજ્ઞાન દ્વિતીય સત્રના બાકીના પાઠોનું વિષયવસ્તુ હવે પછીના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે....



www.fiistudio.com

# સામાજીક વિજ્ઞાન ધો ૭ વિષયવસ્તુ
(ગતાંકથી....)

## એકમ:૭ બજારમાં ગ્રાહક

- પૈસા આપી વસ્તુ ખરીદનારને ગ્રાહક કહેવાય છે.
- ખેત પેદાશોથી તૈયાર થતી વસ્તુઓ પર એગમાર્કનું નિશાન હોય છે.
- ઘરવપરાશમાં ઉપયોગી વસ્તુ પર ISI નું નિશાન હોય છે.
- ઊનની બનાવટ અને પોશાકની વસ્તુ ઉપર વુલમાર્કની નિશાની હોય છે.
- સોનાચાંદીની બનાવટો ઉપર હોલમાર્કની નિશાની હોય છે.
- શાકાહારી ખાદ્યસામગ્રી પર લીલા રંગનું ચિહ્ન હોય છે.
- માંસાહારી ખાદ્યસામગ્રી પર લાલ રંગનું ચિહ્ન હોય છે.
- સને ૨૦૦૫ ના ઓકટોબર માસમાં ભારત સરકારે રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટનો અમલ કર્યો છે.

## એકમ:૮ મધ્યકાલીન સ્થાપત્યો

- જૂનાગઢ જિલ્લાના વેરાવળ પાસે પ્રભાસપાટણમાં સોમનાથ મંદિર આવેલું છે.
- છેલ્લે ૧૯૫૧ માં સોમનાથ મંદિરનું નવનિર્માણ કરવામાં આવ્યું હતું.
- દ્વારકામાં આવેલું દ્વારકાધીશનું મંદિર ગોમતી નદીના કિનારે આવેલું છે.
- દ્વારકાધીશનું મંદિરમાં ૮૦ જેટલા પગથિયાં આવેલા છે.
- દ્વારકાધીશનું મંદિર જગત મંદિરના નામથી પણ પ્રસિદ્ધ છે.
- આદ્યશંકરાચાર્યે ભારતમાં સ્થાપેલ ચાર મઠો પૈકી ' શારદાપીઠ' મઠ દ્વારકામાં આવેલો છે.
- ઈ.સ. ૧૦૨૬–૨૭ ના અરસામાં ભીમદેવ પહેલાના સમયમાં મોઢેરાનું સૂર્યમંદિર બાંધવામાં આવ્યું હતું.
- લગભગ કર્કવૃત્ત પર આવેલું મોઢેરાનું સૂર્યમંદિર પૂર્વ ભારતમાં આવેલ કોણાર્કના મંદિર સાથે વિશિષ્ટ સંબંધ ધરાવે છે.
- રુદ્રમહાલય પાટણ જિલ્લાના સિદ્ધપુર નગરમાં આવેલો છે.
- સોલંકીયુગના મૂળરાજે રુદ્રમહાલય બાંધવાની શરૂઆત કરેલી અને સિદ્ધરાજ જયસિંહે તેનું બાંધકામ પૂર્ણ કરાવેલું.
- પાલીતાણા જૈનોનું મહાતીર્થ છે.
- શેત્રુંજય જૈનોના પહેલા તીર્થંકર આદીનાથ ભગવાન ઋષભદેવનું સ્થાન ગણાય છે.
- સિદીસૈયદની જાળી શમસુદીન મુઝફર શાહ ત્રીજાના સૈનિક સિદી સૈયદ દ્વારા બનાવવામાં આવી હતી.
- કુત્બુદ્દીને એક તળાવ અમદાવાદમાં બંધાવ્યું હતું. જે 'હોજે કુતુબ' ના નામથી ઓળખાતુ હતું. આ તળાવ આજે કાંકરિયા તળાવ તરીકે પ્રવાસન સ્થળ છે.
- કુતુબમિનારના નિર્માણની શરૂઆત કુત્બુદ્દીન ઐબકે કરી હતી. તેનો વિસ્તાર શમ્યુદ્દીન ઈલ્તુત્મિશે કર્યો હતો.
- 'ઢાઈ દિનકા ઝોપડા' આ એક મસ્જિદ છે. તેનું નિર્માણ કુત્બુદ્દીન ઐબકે કરાવ્યું હતું.
- 'ઢાઈ દિનકા ઝોપડા' ભારતમાં બનેલી પહેલી મસ્જિદ હતી. જે હાલ દિલ્લીમાં આવેલી છે.
- રાજરાજ દ્વારા નિર્મિત તુંજાવરનું રાજેશ્વર કે બૃહદેશ્વર મંદિર દ્રવિડ ચૌલ સ્થાપત્યનો ઉમદા નમૂનો છે.
- દિલ્લીમાં શાહજહાંએ રાજવી કુટુંબના નિવાસસ્થાન માટે લાલકિલ્લાનું નિર્માણ કરાવ્યું હતું.
- બુલંદ દરવાજો ભારતનો સૌથી ઊંચો ઘુમ્મટવાળો(૫૩મીટર) દરવાજો છે.
- આગ્રામાં આવેલ વિશ્વની અજાયબી સમાન તાજમહલ મુઘલ સમ્રાટ શાહજહાંએ પોતાની પત્ની મુમતાજ મહલની યાદમાં બંધાવ્યો હતો.
- તાજમહલ એ આરસપહાણના પથ્થરોમાંથી બનાવાયેલ એક મકબરો છે.



www.fiistudio.com

## એકમ : ૯ ભારતઃલોકજીવન

- ગુજરાતમાં રાસ–ગરબા,રાજસ્થાનમાં ઘુમ્મર નૃત્ય અને મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય ખૂબ પ્રખ્યાત છે.
- પંજાબ એ પાંચ નદીઓના પ્રદેશ તરીકે ઓળખાય છે.
- કાશ્મીરને પૃથ્વી પરનું સ્વર્ગ કહેવાય છે.
- પંજાબનો વૈશાખી તહેવાર અને ઉત્તર પ્રદેશનો કુનીનો મેળો અતિ પ્રખ્યાત છે.
- જગન્નાથપુરીની ભગવાન જગન્નાથની રથયાત્રા જગવિખ્યાત છે.
- કેરળનું મોહિનીપટ્ટમ અને કથકલી, તમિલનાડુંનું ભરતનાટયમ અને આંધ્રપ્રદેશનું કૂચિપૂડી નૃત્ય જગવિખ્યાત છે.
- પૂર્વ ભારતના રાજ્યોમાં ઘરના પાછલા ભાગમાં નાનું તળાવ હોય છે જેમાં માછલી ઉછેરવામાં આવે છે.
- આવા નાના તળાવને પુકુર કહે છે.

## એકમ :૧૧ ઈશ્વર સાથે અનુરાગ

- વલ્લભાચાર્યનો જન્મ બિહારના ચંપારણ્યમાં ઈ.સ. ૧૪૭૯ માં તૈલગી બ્રાહ્મણ કુંટુંબમાં થયો હતો.
- ભકિત આંદોલનોમાં વલ્લભાચાર્યનું વિશેષ મહત્વ છે.
- વલ્લભાચાર્યએ યાત્રા દરમિયાન જે સ્થળોએ ભાગવત કથા અને પારાયણ કર્યા હતાં તે સ્થળો આજે 'બેઠક' તરીકે ઓળખાય છે.
- ચૈતન્ય મહાપ્રભુનો જન્મ બંગાળમાં ઈ.સ. ૧૪૮૫ માં પ્રસિદ્ધ વિદ્યાધામ નવદીપ(નદીયા)માં થયો હતો.
- ચૈતન્ય મહાપ્રભુ વૈષ્ણવભર્મની આચાર્ય પરંપરામાં છેલ્લા આચાર્ય હતા.
- ગુરુનાનકનો જન્મ ઈ.સ.૧૪૬૯ માં પંજાબના લાહોર નજીક તલવંડી ગામમાં ક્ષત્રિય કુંટુંબમાં થયો હતો.
- ગુરુનાનકના અનુયાયીઓ સમય જતાં શીખ કહેવાયા.
- ગુરુનાનકના ઉપદેશને ગ્રંથસાહેબમાં સંગ્રહિત કરાયો છે.
- કબીર અને રૈદાસ જેવી સમર્થ વ્યકિતઓ સ્વામી રામાનંદના શિષ્યો હતા.
- નરસિંહ મહેતાનો જન્મ જૂનાગઢમાં નાગર કુંટુંબમાં થયો હતો.
- નરસિંહ મહેતાના પ્રભાતિયાંએ ગુજરાતી જનમાનસ પર ઊંડી અસર કરી છે.
- રૈદાસનો જન્મ કાશીમાં થયો હતો. તેમના પિતાનું નામ રઘુ અને માતાનું નામ ધુરવિનિયા હતું.
- રૈદાસના નામ પરથી 'રૈદાસી'(રવિદાસી) પંથ સ્થપાયો.
- મહારાષ્ટ્રમાં અગિયાનરમી સદીમાં થયેલા ભકત પુંડરિકે વિઠ્ઠલનાથ(વિઠોબા) ની ભકિતનો મહિમા સ્થાપ્યો.

## એકમઃ ૧૨ ખંડ પરિચયઃઉત્તર અમેરિકા,દક્ષિણ અમેરિકા અને યુરોપ

- ઉત્તર અમેરિકા ભૂમિખંડ એ યુ.એસ.એ., કેનેડા, મેકિસકો અને કેરેબિયન વિસ્તારના દેશો અને દ્વીપોનો બનેલો ખંડ છે.
- ઉત્તર અમેરિકાના મૂળ નિવાસી તરીકે 'રેડ ઈન્ડિયન' જાતિ ગણાય છે.
- અમેરિકાનું નામ સંશોધનકર્તા ઈટાલીના અમેરિગો વેસ્પુચીના નામે પડયું છે.
- ઉત્તર અમેરિકા ખંડની ઉત્તર–દક્ષિણ લંબાઈ ૯૬૫૪ કિમી છે.
- મિસિસિપી, મિસુરી, મેકેન્ઝી નદીઓને લીધે કાંપના બનેલા ફળદ્રુપ મેદાનોને 'પ્રેરીઝના મેદાન' તરીકે ઓળખવામાં આવે છે.
- રોકિઝ પર્વતમાળામાં આવેલું માઉન્ટ મેકિન્લે(અલાસ્કા) ઉત્તર અમેરિકાનું સૌથી ઊંચું શિખર છે.
- ઉત્તર અમેરિકામાં અતિ વેગવાળા ફૂંકાતા ચક્રવાતોને 'ટોર્નેડો' કહે છે.
- કેનેડાની રાષ્ટ્રીય રમત આઈસ હોકી છે.
- પંપાઝના મેદાનોનું 'આલ્ફાલ્ફા' ઘાસ જાણીતું છે.
- બ્રાઝિલમાં પ્રથમ પોર્ટુગીઝ લોકોનું રાજ હોવાથી તેની ભાષા પોર્ટુગીઝ છે.
- કદમાં શ્વિમાં પ્રથમ સ્થાન ધરાવતી ૪૮૨૭ કિમી લાંબી એમેઝોન નદીનું જળક્ષેત્ર સૌથી મોટું છે.
- ફ્રાન્સની સૌથી લાંબી નદી સીન છે.


www.fiistudio.com

# સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ


- ધોરણ : – ૬
- વિષય :– સામાજિક વિજ્ઞાન
- કુલ એકમો : – ૯

## એકમ : ૧ ઈતિહાસ જાણવાના સ્ત્રોત

- જયારે વીસમી સદી પૂર્ણ થઈ હતી ત્યારે ડિસેમ્બર ૨૦૦૦ માં બનેલા બનાવોની ચિત્રાત્મક વિગતો તમામ વર્તમાનપત્રોમાં આપવામાં આવી હતી, જેને 'મિલેનિયમ ગેલેરી' એવું નામ આપવામાં આવ્યું હતું.
- તાડપત્રો અને ભોજ પત્રો પર લખાયેલ લખાણ 'પાન્ડુ' લિપિમાં વધારે જોવા મળે છે.
- ભોજ પત્રો એટલે હિમાલયમાં થતાં ભૂર્જ નામના વૃક્ષોની છાલ નો ઉપયોગ કરીને બનાવવામાં આવતા પત્રો.
- જ્યાં 'અભિલેખો' સાચવવા આવે છે તેને 'અભિલેખાગાર(આર્કાટાઈવ્ઝ)' કહેવામાં આવે છે. જેમ કે, દિલ્લીમાં આવેલ રાષ્ટ્રીય અભિલેખાગાર.
- કાર્બન ડેટિંગ પદ્ધતિથી પુરાતાત્વિક અવશેષોનો ચોકકસ સમય જાણી શકાય છે.
- તાડપત્રો કે ભોજ પત્રો પર લખાયેલ હસ્તપ્રતો :
  - પાટણ : શ્રી હેમચંદ્રાચાર્ય લાયબ્રેરી
  - અમદાવાદ : એઈ.ડી.ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, નવરંગપુરા ; ગુજરાત વિદ્યાપીઠનું આદિવાસી સંગ્રહાલય ;ભો.જે.અધ્યયન અને સંશોધન ગૃહ, આશ્રમ રોડ.
  - ગાંધીનગર : કોબામાં શ્રી મહાવીર જૈન આરાભના કેન્દ્રમાં.
- પ્રાચીન સમયના ઈતિહાસના જાણકારને પુરાતત્વવિદ કહે છે.

## એકમ : ૨ ચાલો, નકશો સમજીએ

- પૃથ્વીના કોઈ પણ ભાગના સપાટ કાગળ પરના આલેખનને 'નકશો' કહે છે.
- નકશાનાં મુખ્ય ત્રણ અંગો છે : (૧) દિશાસૂચન (૨) પ્રમાણમાપ(સ્કેલ) (૩) રૂઢ સંજ્ઞાઓ
- 'MAP' શબ્દ મૂળ લેટિન શબ્દ 'Mappa' અથવા 'Mappa-Mundi' એટલે કે 'હાથ રૂમાલ કદનો કાપડનો ટુકડો' ઉપરથી ઉતરી આવ્યો છે.
- NATMO - નેશનલ થિમૈટિક મેપ ઓર્ગેનાઈઝેશન સંસ્થા કોલકાતામાં આવેલી છે. તે વિતરણ દર્શાવતા નકશાઓનું નિર્માણ કરે છે.
- સામાન્ય રીતે કોઈ પણ નકશાની જમણી બાજુ ઉ↑ નિશાન હોય છે.
- :: દિશાસૂચન ::




- નકશામાં કથ્થઈ રંગ ઊંચાઈ દર્શાવવા માટે, લીલો રંગ જંગલ અને વનસ્પતિ માટે , પીળો રંગ મેદાન દર્શાવવા માટે વપરાય છે.

## એકમ : ૩ નાગરિકતા

- "સામાન્ય રીતે નાગરિક એને કહેવાય કે, જે દેશમાં વસતો હોય, જે દેશ તરફથી મળતા તમામ રાજકીય અને સામાજિક હકો ભોગવતો હોય અને દેશ પ્રત્યેની પોતાની ફરજો બજાવતો હોય."
- ભારતની નાગરિકતા મેળવવાની બે રીત છે : (૧) જન્મથી (૨) કાયદાની મદદથી.

## એકમ : ૪ માનવજીવનની શરૂઆત

- પ્રારંભિક માનવજીવનને નીચે મુજબ વિભાજીત કરી શકાય :

(૧) આદિ પાષાણયુગ (અન્ન સંગ્રાહક તબકકો)

(૨) મધ્ય પાષાણ યુગ



www.fiistudio.com

(૩)નૂતન પાષાણ યુગ(અન્ન ઉપજાવનાર તરીકેનો તબક્કો)

- ચક્રની શોધ એ માનવજીવનની સૌથી ક્રાંતિકારી શોધ છે.
- મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના દક્ષિણ ભાગની ગુફાઓમાં જંગલી જાનવરોનાં સુંદર ચિત્રો મળી આવ્યાં છે.
- નર્મદા ખીણ પ્રદેશમાં આવેલી ભીમબેટકાની ગુફાઓમાંથી અહીં આદીમાનવોનો વસવાટ હોવાના પુરાવા મળ્યા છે.
- આવી કુદરતી ગુફાઓ વિધ્યાચલ પર્વત અને દક્ષિણના પર્વતીય પ્રદેશમાં પણ મળી આવી છે.
- સાબરમતી પ્રદેશનું લાંઘણજ અને અખાજ તેમજ મહી નદીના પ્રદેશના અમરાપુરામાંથી લઘુ પાષાણયુગના પ્રાણીઓના હાડકાંના ઢગલા અને દટાયેલા મૃતદેહો મળી આવ્યા છે.
- માનવ સંસ્કૃતિ આદ્ય–પુરાતન 'હડપ્પીય સંસ્કૃતિ' તરીકે ઓળખાય છે.
- ભારતીય ઉપસાગરમાં આશરે ૨૦ લાખ વર્ષથી માનવ વસ્તીના અવશેષો જોવા મળે છે.
- આદિમાનવના પ્રારંભિક જીવનની મોટા ભાગની માહિતી ઓજારો પરથી મળે છે.

## એકમ : ૫ આપણું ઘર પૃથ્વી

- પૃથ્વીના ગોળા પર દોરેલી આડી કાલ્પનિક વર્તુળાકાર રેખાઓને અક્ષાંશવૃત્તો અને ઊભી રેખાઓને અર્ધવર્તુળ રેખાંશવૃત્તો કહે છે.
- કટિબંધો : (૧) ઉષ્ણ કટિબંધ (૨) સમશીતોષ્ણ કટિબંધ (૩) શીત કટિબંધ.
- પૃથ્વી પર સાત ખંડો અને ચાર મહાસાગરો આવેલા છે:

### :: સાત ખંડો ::

(૧) એશિયા

(૨) યુરોપ

(૩) આફ્રિકા

(૪) ઑસ્ટ્રેલિયા

(૫) ઉત્તર અમેરિકા (૬) દ.અમેરિકા

(૭) એન્ટાર્કટિકા

### :: ચાર મહાસાગરો ::

(૧) પેસેફિક મહાસાગર

(૨) એટલેન્ટિક મહાસાગર

(૩) હિન્દ મહાસાગર

(૪) આર્કટિક મહાસાગર

- વિશ્વમાં માત્ર એન્ટાર્કટિકા એક માત્ર એવો ભૂમિખંડ છે જે હિમાચ્છાદિત રહે છે.આ ભૂમિખંડ માનવ વસવાટ ધરાવતો નથી.કોઈ પણ દેરશની માલિકી ન ધરાવતો આ ભૂમિખંડ છે.
- વિષુવવૃત્ત પૃથ્વીની બરાબર મધ્યમાંથી પસાર થાય છે.
- સૌથી વધુ પ્રકાશ અને ગરમી મેળવતા પૃથ્વીના ભાગને ઉષ્ણ કટિબંધ કહે છે.
- ગ્રીનલેન્ડ શીત કટિબંધનો દેશ છે.

## એકમ : ૬ સ્થાયી જીવનની શરૂઆત

- કયા–કયા સ્થળોએથી અનાવ અને પાલતુ પ્રાણીઓના અવશેષો મળી આવ્યા છે તે અંગેનું કોષ્ટક :

| અવશેષો | પુરાતન સ્થળ |
|---|---|
| ઘઉ,જવ,બકરી,ઘેટાં,ગાય | મેહરગઢ(હાલનું પાકિસ્તાન) |
| ચોખા,ગાય | મહાગઢ(ઉત્તર પ્રદેશ) |
| ઘઉ,કૂતરાં,ગાય,ભેંસ,ઘેટાં,બકરાં | બુર્જહોમ(કશ્મીર) |
| ઘઉ,ચણા,જવ,ભેંસ,બળદ | ચિરાદ(બિહાર) |
| જાર,બાજરો,ગાય,ઘેટાં,બકરાં | હુલ્લર(આંધ્ર પ્રદેશ) |

- મહેરગઢ એક એવું સ્થળ છે જ્યાં સંભવતઃ સૌથી પહેલા ઘઉ,જવ ઊગાડવાનું અને ઘેટાં–બકરાં પાડવાનું શરૂ થયું હશે.
- મહેર ગઢમાં આવેલી કબરોમાંથી એકના મૃતકની સાથે બકરી પણ દફનાવાઈ હતી.

## એકમ : ૭ ગુજરાત સ્થાન,સીમા અને ભૂપૃષ્ઠ



www.fiistudio.com

- ગુજરાત રાજ્ય ભારતના પશ્ચિમ ભાગમાં અરબ સાગર કિનારે ૨૦°.૦૬' ઉત્તર અક્ષાંશવૃત્તથી ૨૪°.૪૨' ઉત્તર અક્ષાંશવૃત્ત સુધી અને ૬૮°.૧૦' પૂર્વ રેખાંશવૃત્તથી ૭૪°.૨૮' પૂર્વ રેખાંશવૃત્ત વચ્ચે વિસ્તરેલું છે.
- ગુજરાતમાં સાગર સીમાની લંબાઈ આશરે ૧૬૦૦ કિમી જેટલી છે. જે ભારતમાં સૌથી લાંબી દરિયાઈ સીમા છે.
- અરબ સાગરમાં ખંભાતનો અખાત અને કચ્છનો અખાત આવેલો છે.
- ગુજરાતનું સ્થાન ભારતમાં વિસ્તારની દૃષ્ટિએ સાતમું છે.
- ગુજરાતની ઉત્તર–દક્ષિણ લંબાઈ આશરે ૫૯૦ કિમી અને પૂર્વ–પશ્ચિમ લંબાઈ આશરે ૫૦૦ કિમી જેટલી છે.
- ગુજરાત રાજ્યનો કુલ ભૌગોલિક વિસ્તાર આશરે ૧,૯૬,૦૨૪ ચોરસ કિમી જેટલો છે. જે ભારતના કુલ વિસ્તારના આશરે ૬% જેટલો છે.
- ગુજરાતમાં સાબરકાંઠા, ગાંધીનગર,મહેસાણા,પાટણ અને કચ્છ જિલ્લામાંથી કર્કવૃત્ત પસાર થાય છે.
- કચ્છના ડુંગરાળ પ્રદેશમાં ધીણોધર ,કાળો,ભૂજિયો,લીલિયો,કંથકોટ વગેરે ડુંગરો આવેલા છે.આ બધામાં ધીણોધર સૌથી ઊંચો ડુંગર છે.
- સૌરાષ્ટ્રના ડુંગરાળ પ્રદેશમાં ચોટીલાનો ડુંગર, બરડાનો ડુંગર , શેત્રુંજો અને ખોખરાનો ડુંગર આવેલા છે.
- તળ ગુજરાતના ડુંગરાળ પ્રદેશમાં ગબ્બરનો ડુંગર , તારંગાનો ડુંગર , ઈડરનો ડુંગર , પારનેરાનો ડુંગર , પાવાગઢ અને સાપુતારાનો ડુંગર આવેલા છે.

## એકમ : ૮ વિવિધતામાં એકતા

- ગુજરાતનું નૃત્ય – ગરબો , તહેવાર – નવરાત્રિ
- મહારાષ્ટ્રનું નૃત્ય – કોળી(લાવણી) નૃત્ય , તહેવાર – ગણેશ ચતુર્થી
- રાજસ્થનનું નૃત્ય – ઘુમર , તહેવાર – હોળી
- પંજાબનું નૃત્ય – ભાંગડા , તહેવાર – બૈશાખી
- પશ્ચિમ બંગાળનું નૃત્ય – ગરબો , તહેવાર – દુર્ગાપુજા

## એકમ : ૯ પ્રાચીન નગરો

- સિંધ અને પંજાબમાં ઈ.સ. ૧૯૨૦ – ૨૧ ના સમયે ખોદકામ કરતી વખતે બે નગરો મળી આવ્યાં હતાં.
- ***ભારતમાંથી મળી આવેલ મુખ્ય નગરો :***
- સિંધમાં લારખાનાનું હડપ્પા નગર
- પંજાબ પ્રાંતનું મોહેં–જો–દડો નગર
- રાજસ્થાનનું કાલિબંગન નગર
- કચ્છ જિલ્લાનું ધોળાવીરા નગર
- આ નગરો સિંધુ નદીની ખીણમાં વિસ્તરેલા હોવાથી 'સિંધુ ખીણની સંસ્કૃતિ' અથવા 'હડપ્પન સંસ્કૃતિ' તરીકે ઓળખાય છે.
- ગુજરાતમાં 'સિંધુ ખીણની સંસ્કૃતિ' અવશેષો રંગપુર , રોઝડી , લોથલ , ધોળાવીરા જેવા સ્થળોએથી મળી આવ્યા છે.
- લોથલ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલું છે.
- લોથલની ગણના 'સિંધુ ખીણની સંસ્કૃતિ' ના મહત્વના બંદર તરીકે થાય છે.
- સૌરાષ્ટ્રમાં લીમડી પાસેનું રંગપુર , ગોંડલ પાસે આવેલું રોઝડી , કચ્છમાં આવેલું દેશલપર તથા ધોળાવીરા જેવા નગરોના અવશેષો મળી આવ્યા છે.
- 'સિંધુ ખીણની સંસ્કૃતિ' ના બે મોટા નગરો મોહેં–જો–દડો અને હડપ્પા હતાં.
- સિંધુ ખીણની સંસ્કૃતિની ભૂગર્ભ ગટર *મોરી* ના નામથી ઓળખાતી હતી.
- મોહેં–જો–દડો અને હડપ્પા નગરોના મુખ્ય રસ્તાઓ ૩૩ ફૂટ જેટલા પહોળા હતા.
- હડપ્પીય સંસ્કૃતિના અવશેષોમાં મળેલા સૌથી લાંબા અભિલેખમાં લગભગ ૨૬ જેટલા ચિહ્નો છે.


www.fiistudio.com

# ૫. સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ

ધોરણ : ૬ | દ્વિતિય સત્ર | કુલ એકમો : ૧૩

## એકમ : ૧ પ્રાચીન સમાજજીવન

- ❖ વેદો ચાર છે : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. આ પૈકી સૌથી જુનો વેદ ઋગ્વેદ છે.
- ❖ ઋગ્વેદ ની રચના ઈ.સ.પૂર્વે ૩૦૦૦–૩૫૦૦ વર્ષ પહેલાં થઈ હતી. તેમાં એક હજારથી વધુ ઋચાઓ છે. ઋચાના સમૂહને 'સૂકત' કહેવામાં આવે છે.
- ❖ પ્રાચીન સમયમાં ઈન્દ્રને યુદ્ધના દેવતા માનવામાં આવતા હતા તથા સોમ નામના એક છોડમાંથી ખાસ પીણું બનાવવામાં આવતું હતું.
- ❖ ઋગ્વેદ ની ભાષા 'પાક્ સંસ્કૃત' અથવા 'વૈદિક સંસ્કૃત' કહેવાતી.
- ❖ મહાપાષાણ કબરો બનવાની શરૂઆત ૩૦૦૦ વર્ષ પહેલાં શરૂ થઈ હતી.
- ❖ બ્રહ્મગીરીમાંથી એક વ્યકિતની કબરમાંથી ૩૩ સોનાના મણકા અને શંખ મળ્યા છે.
- ❖ ઈનામગામમાંથી પુરાતત્વવિદોને ઘઉં, જવ ,ચોખા, દાળ, બાજરા અને તલના બીજ તથા જાનવરોના હાડકાં મળી આવ્યાં છે.
- ❖ ઈનામગામના લોકો મૃતદેહોને ઘરમાં જ દફનાવતા હતા.

## એકમ : ૨ ગુજરાતની આબોહવા અને કુદરતી સંસાધનો

- ❖ કોઈ પણ જગ્યા કે સ્થળની હવામાં રહેલ તાપમાન અને ભેજની લાંબા ગાળાની સ્થિતિને 'આબોહવા' કહે છે.
- ❖ ગુજરાતની મુખ્ય સિંચાઈ યોજનાઓ :
  - ❖ તાપી નદી – ઉકાઈ અને કાકરાપાર યોજના
  - ❖ મહી નદી – કડાણા અને વણાકબોરી યોજના
  - ❖ સાબરમતી નદી – ધરોઈ યોજના
  - ❖ બનાસ નદી – દાંતીવાડા યોજના
  - ❖ શેત્રુંજી નદી – શેત્રુંજી યોજના
  - ❖ નર્મદા નદી – સરદાર સરોવર યોજના
  - ❖ ભાદર નદી – ભાદર યોજના
- ❖ ગુજરાતના સરોવરો :
  - કચ્છ જિલ્લો – નારાયણ સરોવર
  - વડોદરા જિલ્લો – આજવા સરોવર
  - અમદાવાદ જિલ્લો – નળ સરોવર
  - નર્મદા જિલ્લો – સરદાર સરોવર
- ❖ નર્મદા ગુજરાતની સૌથી મોટી નદી છે.
- ❖ ઉત્તર ગુજરાતની બનાસ, સરસ્વતી અને રૂપેણ નદી કચ્છના નાના રણમાં જ સમાઈ જતી હોવાથીતેને અંતઃસ્થ નદીઓ કહે છે.
- ❖ જામનગર જિલ્લાના પિરોટન ટાપુ પર મોતી આપતી કાલુ માછલી જોવા મળે છે.
- ❖ જામનગર જિલ્લાના ઓખા અને લાંબા ખાતે એશિયાનું સૌથી મોટું વિન્ડફાર્મ આવેલું છે.
- ❖ ૨ માર્ચ – વિશ્વ વન દિન
- ❖ ૫ મી જૂન – વિશ્વ પર્યાવરણ દિવસ
- ❖ ૧૭ મી જૂન – રણ અટકાવવાનો દિવસ
- ❖ જુલાઈ (ચોમાસની શરૂઆતમાં) – વન મહોત્સવ
- ❖ શીમળાના વૃક્ષોના લાકડામાંથી દીવાસળીની પેટી, પેકિંગ માટેની પેટીઓ અને પ્લાયવુડનો ઉદ્યોગ વિકસ્યો છે.
- ❖ સાલના લાકડાને લાંબા સમય સુધી ઉધઈ ન લાગતી હોવાથી રેલવેના સ્લીપર અને ડબા બનાવવા માટે તેનું લાકડું ખૂબ ઉપયોગી છે.
- ❖ ભારતનું સૌથી જૂનું પ્રાણી સંગ્રહાલય જૂનાગઢનું શક્કરબાગ પ્રાણી સંગ્રહાલય છે. જેની સ્થાપના ઈ.સ.૧૮૬૩ માં થઈ હતી.

## એકમ : ૩ મહાજનપદ સમયની શાસનવ્યવસ્થા

- ❖ 'જનપદ' એટલે માણસના વસવાટનું એક ક્ષેત્ર યા સ્થાન.
- ❖ નાનાં રાજ્યો 'જનપદ' તરીકે અને મોટાં રાજ્યો ' મહાજનપદ' તરીકે ઓળખાતાં હતાં.
- ❖ 'ગણ રાજ્યો' માં રાજાની પસંદગી જનતા કરતી હતી.
- ❖ મગધની પ્રથમ રાજધાની રાજગૃહ(રાજગીર) હતી. ત્યાર બાદ પાટલીપુત્ર(પટના) બની.
- ❖ મગધમાં બિંબિસાર અને અજાતશત્રુ જેવા મહાન શાસકો થઈ ગયા.
- ❖ વજ્જી સંઘ ગણ રાજ્યનું મુખ્ય સ્થાન વૈશાલી હતું.
- ❖ ગણ રાજ્યમાં સભા જ્યાં ભરાતી તે સ્થળ 'સંથાગાર' તરીકે ઓળખાતું.
- ❖ ગણ રાજ્યમાં માટીના ચિત્રિત પાત્રને 'ધુસરપાત્ર' કહેવાતું.
- ❖ અલહાબાદમાંથી આશરે ૨૫૦૦ વર્ષ જૂની ઈંટની દિવાલ મળી આવી છે.



www.fiistudio.com

## એકમ : ૪ સ્થાનિક સરકાર(ગ્રામીણ)

- ❖ ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એ ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે.
- ❖ નગરપાલિકા અને મહાનગરપાલિકા એ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે.
- ❖ ગ્રામપંચાયતમાં ઓછામાં ઓછા સાત અને વધુમાં વધુ પંદર સભ્યો હોય છે.
- ❖ ગ્રામપંચાયતના વડાને સરપંચ કહેવામાં આવે છે.
- ❖ ગ્રામપંચાયતના વહીવટી કાર્ય માટે 'તલાટી–કમ મંત્રી'ની નિમણૂંક સરકાર કરે છે.
- ❖ તાલુકા પંચાયતમાં સભ્ય સંખ્યા ઓછામાં ઓછી પંદર અને વધુમમાં વધુ એકત્રીસ હોય છે.
- ❖ તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયતના વહીવટી વડા છે.
- ❖ જિલ્લા પંચાયતની સભ્ય સંખ્યા ઓછામાં ઓછી એકત્રીસ અને વધુમાં વધુ એકાવન હોય છે.
- ❖ જિલ્લા પંચાયતના વહીવટી વડા જિલ્લા વિકાસ અધિકારી છે.
- ❖ નગરપાલિકાના વહીવટી વડાને 'ચીફ ઓફિસર' કહે છે.
- ❖ મહાનગરપાલિકાના વહીવટી વડાને 'મ્યુનિસિપલ કમિશ્નર' કહે છે.

## એકમ : ૫ ગુજરાતઃખેતી,ઉદ્યોગ અને પરિવહન

- ❖ ગુજરાતમાં બાજરીનું સૌથી વધુ ઉત્પાદન બનાસકાંઠા જિલ્લા થાય છે.
- ❖ અમદાવાદનો ભાલ પ્રદેશ ભાલિયા ઘઉ માટે પ્રખ્યાત છે.
- ❖ ગુજરાતમાં ડાંગરનું સૌથી વધુ ઉત્પાદન ખેડા જિલ્લામાં થાય છે.
- ❖ ગુજરાતમાં જૂનાગઢ જિલ્લો મગફળીના પાક માટે પ્રથમ ક્રમે છે.
- ❖ ભારતમાં એરંડા(દિવેલા) સૌથી વધુ ગુજરાતમાં થાય છે.
- ❖ ગુજરાત કપાસના ઉત્પાદનમાં ભારતમાં પ્રથમ ક્રમે છે.
- ❖ ભરૂચ પાસે આવેલ કાનમ પ્રદેશ લાંબા તારના ઉત્તમ પ્રકારના કપાસ માટે જાણીતો છે.
- ❖ ગુજરાતમાં સૌથી વધુ તમાકુ ચરોતર પ્રદેશમાં થાય છે.
- ❖ જામનગર ખાતે ભારતની સૌથી મોટી ખનીજ તેલ શુદ્ધિકરણની રિફાઈનરી આવેલી છે.
- ❖ નેરોગેજ રેલવે માર્ગનો ઉપયોગ પહાડી વિસ્તારમાં વધુ થાય છે.
- ❖ ગુજરાતમાં રેલવેની શરૂઆત ૧૮૮૫ માં ઉતરાણ અને અંકલેશ્વર વચ્ચે થઈ હતી.

## એકમ : ૬ સ્થાનિક સરકાર(ગ્રામીણ)

- ❖ સામાન્ય રીતે પંદર હજારથી ઓછી વસતિવાળો વિસ્તાર એટલે ગામ. પંદર હજારથી પાંચ લાખની વસતિ વાળો વિસ્તાર એટલે શહેર કે નગર અને પાંચ લાખથી વધુ વસતિ વાળો વિસ્તાર એટલે મહાનગર.
- ❖ નગરપાલિકાના વડાને 'પ્રમુખ' કહેવામાં આવે છે.
- ❖ મહાનગરપાલિકાના વડાને 'મેયર(નગરપતિ)' કહે છે.
- ❖ મેયરની ચૂંટણી દર અઢી વર્ષે થાય છે.

## એકમ : ૭ શાંતિ અને અહિંસાનો સંગમ

- ❖ બૌદ્ધ ધર્મના સાધુઓ 'લામા' તરીકે ઓળખાય છે.
- ❖ આશરે લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાં બૌદ્ધ ધર્મની સ્થાપના થઈ હતી.
- ❖ ગૌતમ બુદ્ધનું બાળપણનું નામ 'સિદ્ધાર્થ' હતું.
- ❖ ગૌતમ બુદ્ધનો જન્મ હિમાલયની તળેટીમાં કપિલવસ્તુ નગરી પાસે 'લુમ્બિની' વનમાં થયો હતો.
- ❖ બુદ્ધની માતાનું નામ માયાવતી, પિતાનું નામ શુદ્ધોદન,પત્નીનું નામ યશોધરા અને પુત્રનું નામ રાહુલ હતું.
- ❖ સિદ્ધાર્થ શાકય નામના ગણ રાજ્યથી જોડાયેલા હતા.
- ❖ સિદ્ધાર્થના ગૃહત્યાગને 'મહાભિનિષ્ક્રમણ' તરીકે ઓળખાવાય છે.
- ❖ સિદ્ધાર્થને વૈશાખી પૂર્ણિમાની રાત્રીએ પીપળાના વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્ત થયું હતું. ત્યારથી તેઓ 'બુદ્ધ' તરીકે ઓળખાયા.
- ❖ આ સ્થળ હાલમાં બુદ્ધિગયા કે બોધિગયા(બિહાર) તરીકે ઓળખાય છે.
- ❖ ગૌતમ બુદ્ધ ૮૦ વર્ષની વયે વૈશાલી નજીક કુશીનારામાં નિર્વાણ પામ્યા હતા.
- ❖ ગૌતમ બુદ્ધ ઉપદેશ માટે પાલિ ભાષાનો પ્રયોગ કરતા હતા.
- ❖ ઉપનિષદના વિચારોનો વિકાસ શંકરાચાર્યે કર્યો હતો.
- ❖ વર્ધમાનનો જન્મ પટણા નગરની ઉત્તરે કુંડગ્રામ નામના એક ઉપનગરમાં થયો હતો.
- ❖ વર્ધમાનના પિતાનું નામ સિદ્ધાર્થ, માતાનું નામ ત્રિશલાદેવી, પત્નીનું નામ યશોદા અને પુત્રીનું નામ પ્રિયદર્શના હતું.
- ❖ વર્ધમાન પછીથી મહાવીર સ્વાામી તરીકે પ્રસિદ્ધ થયા હતા.
- ❖ મહાવીર સ્વામી જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ગણાય છે.
- ❖ મહાવીર સ્વામીએ ઉપદેશ માટે પ્રાકૃત અને અર્ધ માગધી ભાષાનો ઉપયોગ કર્યો હતો.



www.fiistudio.com

❖ મહાવી સ્વામીએ પાંચ વ્રતો આપ્યા હતા : સત્ય,અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય.

## એકમ : ૮ આપણે ગુજરાતી

- ગુજરાત તેના નવરાત્રીના તહેવાર માટે સમગ્ર જગતમાં વિખ્યાત છે.
- ભરવાડોનું હૂડો નૃત્ય તેમની આગવી ઓળખ છે.
- ગુજરાતના ભવનાથમાં મહાશિવરાત્રીનો ભવ્ય મેળો ભરાય છે.

## એકમ : ૯ સમ્રાટ અશોક

- ગુજરાતમાં ગિરનાર પર્વતની તળેટી વિસ્તારમાં 'અશોકનો શિલાલેખ' આવેલો છે.
- સમ્રાટ અશોક મગધના સામ્રાજ્ય પર શાસન કરતો હતો.
- ચાણકય 'અર્થશાસ્ત્ર' માં નિપૂણ હતા.
- ચંદ્રગુપ્તનો પુત્ર બિંદુસાર અને બિંદુસારનો પુત્ર અશોક.
- મગધ સામ્રાજ્યની રાજધાની પાટલિપુત્ર હતી.
- કલિંગ(ઓરિસ્સા) પરના આક્રમણ બાદ સમ્રાટ અશોકનું હૃદયપરિવર્તન થયું.
- અશોકે બૌદ્ધ સાધુ ઉપગુપ્તના ઉપદેશથી શસ્ત્ર સંન્યાસ લીધો અને બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો અને ધર્મ ઉપદેશક બની ગયો.
- અશોકે બૌદ્ધ ધર્મના પ્રચાર માટે પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને સિલોન(શ્રીલંકા) મોકલ્યા હતા.
- મૌર્ય સામ્રાજ્યના પતન પછી ઉત્તર–પશ્ચિમ ભારતમાં યવન રાજાઓનું,પશ્ચિમ ભારતમાં શક નામના મધ્ય એશિયાઈ લોકોનું શાસન સ્થપાયું.
- અશોકે ઈતિહાસમાં સમ્રાટનું બિરુદ મેળવ્યું.

## એકમ : ૧૨ ગુપ્ત સામ્રાજય

- ગુપ્તવંશના સ્થાપક શ્રીગુપ્ત હતા.
- ચંદ્રગુપ્ત પહેલાના લગ્ન લિચ્છવી જાતિની રાજકન્યા કુમારદેવી સાથે થયા હતા.
- ચંદ્રગુપ્ત પહેલો ગુપ્ત સંવતનો પ્રવર્તક હતો.
- ચંદ્રગુપ્ત પહેલાના રાજ્યારોહણની અને સત્તાપ્રાપ્તિના શુભ પ્રસંગની યાદમાં 'ગુપ્તસંવત'ની શરૂઆત થઈ.
- ચંદ્રગુપ્ત પહેલા પછી તેનો પુત્ર સમુદ્રગુપ્ત ગાદીએ આવ્યો.
- સમુદ્રગુપ્તના સમયની માહિતી અલાહાબાદના પ્રસિદ્ધ સ્તંભ પરથી મળે છે.
- સમુદ્રગુપ્તે અનેક કાવ્યોની રચના કરીને કવિરાજનું બિરુદ મેળવ્યું હતું.
- ક્ષત્રપ વંશના રાજ્યના અંતના વિજયની યાદમાં ચંદ્રગુપ્ત બીજાએ 'શકારી' બિરુદ ધારણ કર્યું હતું.
- ચંદ્રગુપ્ત બીજાએ વિક્રમ સંવતનો પ્રારંભ કર્યો અને તે વિક્રમાદિત્ય પણ કહેવાયો.
- ચીની પ્રવાસી ફાહ્યાનની નોંધોમાં ચંદ્રગુપ્ત બીજાનો ઉલ્લેખ જોવા મળે છે.
- ચંદ્રગુપ્ત બીજો વૈષ્ણવધર્મી હતો.
- ઈ.સ.૪૧૪ ના અરસામાં મહાન સમ્રાટ ચંદ્રગુપ્ત–વિક્રમાદિત્યનું અવસાન થયું.
- ગુપ્ત યુગને 'સુવર્ણયુગ' પણ કહેવામાં આવે છે.

## એકમ : ૧૩ ખંડ પરિચયઃ અજાયબ ખંડ એન્ટાર્કટિકા અને ઓસ્ટ્રેલિયા

- એન્ટાર્કટિકા ખંડ પર પૃથ્વીની સપાટીનો ૯૦% બરફ જોવા મળે છે.
- એન્ટાર્કટિકા ખંડમાં વર્ષ દરમિયાન છ માસનો દિવસ અને છ માસની રાત્રિ હોય છે.અહીં સૂર્ય ઘણા મહિનાઓ સુધી ક્ષિતિજની સપાટીથી ઉપર આવતો નથી. તેથી આકાશમાં રંગબેરંગી પટ્ટઓ રચાય છે. તેને 'સુમેરુ જ્યોતિ'(ઑરોરા) કહે છે.
- એન્ટાર્કટિકા ખંડ વ્હેલ, સીલ, વૉલરસ જેવા મહાકાય ' દરિયાઈ જીવોની સ્વર્ગભૂમિ' તરીકે ઓળખાય છે.
- પેંગ્વિન એન્ટાર્કટિકાનું વિશિષ્ટ પક્ષી છે. તેથી એન્ટાર્કટિકા ખંડને 'પેંગ્વિન' ની ભૂમિ પણ કહેવાય છે.
- એન્ટાર્કટિકા ખંડમાં ભારતે 'મૈત્રી'અને 'ગંગોત્રી' નામે બે સંશોધન કેન્દ્રો સ્થાપ્યાં છે.
- કેપ્ટન જેમ્સ કૂક એ સૌપ્રથમ સાહસિક છે કે જે ઈ.સ. ૧૭૭૨ માં એન્ટાર્કટિકા ખંડમાં પ્રવેશયા હતા.
- ઈ.સ.૧૯૦૩ થી ૧૯૨૬ દરમિયાન રોનાલ્ડ એમૂન્ડરસન(નોર્વે) સૌપ્રથમ દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનારા વ્યકિત હતા.
- કાંગારું ઓસ્ટ્રેલિયાનું વિશિષ્ટ પ્રાણી છે. તેથી ઓસ્ટ્રેલિયાને 'કાંગારુંઓની ભૂમિ' કહે છે.
- ઓસ્ટ્રેલિયા ટાપુ અને ખંડ છે.
- મરે અને ડાર્લિંગ ઓસ્ટ્રેલિયાની મુખ્ય નદીઓ છે.
- કૂલગાર્ડી અને કૅલગુર્લી ઓસ્ટ્રેલિયાની સોનાની ખાણનાં મુખ્ય કેન્દ્રો છે.
- બ્રોકન હિલ નામની વિશ્વની સૌથી મોટી સીસાની ખાણ ઓસ્ટ્રેલિયામાં આવેલી છે.
- કાંગારું, મેરિનો ઘેટું, કોઆલા અને પરવાળાના ટાપુઓનો સમૂહ ગ્રેટબેરિયર રીફ માત્ર આ ખંડની જ નહીં, પરંતુ વિશ્વની પ્રાકૃતિક અજાયબી છે.

એકમ : ૧૦ આપત્તિ અને વ્યવસ્થાપન
એકમ : ૧૧ હક અને ફરજ સિક્કની બંને બાજુ


www.fiistudio.com